Since 1925...

જ્ઞાતિ પ્રવાહનું સાપ્તાહિક માધ્યમ

# ક.દ.ઓ. પ્રકાશ સમીક્ષા

C.D.O. PRAKASH SAMIKSHA

Visit us at www.prakashsamiksha.com
E-mail : kdoprakash@gmail.com

RNI રજી. બાદ વર્ષ : ૧૮ · અંક : ૧૯ · તા. ૦૩ થી ૦૯ મે ૨૦૧૪ · વાર્ષિક લવાજમ ૫૦ · Regn.No. MH/MR/East/53/2012-14

## આદરાંજલિ



જન્મ :
તા. ૩૦.૦૭.૧૯૩૧

અરિહંત શરણ :
તા. ૨૮.૦૪.૨૦૧૪

## ગોવિંદજી જીવરાજ લાલકા

(લાલા - મુલુંડ)

કેળવ્યા સાદગી નિયમિતતા અને સંનિષ્ટતાના સદ્‌ગુણ
અનંતનાથ ટ્રસ્ટમાં સેવા આપી ચૂકવ્યું સમાજનું ઋણ
શિક્ષણને પ્રગતિની સીડી માની કેળવ્યા કેટલાય તરૂણી તરૂણ

અરિહંત શરણે ઉચ્ચગતિપામો સંચિત કર્યા આપે પુણ્ય ગુણ

- પ્રકાશ સમીક્ષા સમિતિ

**આદ્યતંત્રીઓ**

**''પ્રકાશ''**

ડૉ. વેલજી પાશ્વીર ગોસર

**''સમીક્ષા''**

સનત્ શાહ અને

ગોવિંદજી જીવરાજ લોડાયા

**''પ્રકાશ સમીક્ષા''**

સનત્ શાહ

**: તંત્રી :**

રાયચંદ આર. નાગડા

સહ તંત્રી :

ચંદ્રસેન મોમાયા

મો. 9324618606

**સમિતિ સભ્યો**

કિરીટ લક્ષ્મીચંદ લાપસીયા

રાયચંદ રતનશી નાગડા

શરદ કાંતિલાલ શાહ (નાગડા)

કેશરસિંહ આણંદજી ખોના

તિલકચંદ કુંવરજી લોડાયા

કિરીટ ખેતશી મુનવર

કાશમીરા વિરેન્દ્ર લુઠીયા

હિરાચંદ દામજી દંડ

પંકજ પ્રતાપ શાહ

ચંદ્રસેન હીરાચંદ મોમાયા

શૈલેશ સનત્ શાહ

જયંત વિશનજી છેડા

**અંક નં. 19/2014**

**: કાર્યાલય :**

પોસ્ટ/કુરીઅર પત્રવ્યવહાર માટે સરનામું

**C/o. Shri. R. R. Nagda,**
**Advocate High Court**
29/41, Tamarind Lane,
Behind Poomima Restaurant,
Rajabahadur Comp,
Nr. Stock Exchange Bldg,
Fort, Mumbai - 400 001.

**સમય :** બપોરે ૧ થી ૪ ફક્ત
શનિ./રવિ. અને જાહેર રજાના બંધ

ચાલુ અંક માટે મેટર
સ્વીકાર માત્ર મંગળવાર સુધી

પ્રકાશ-સમીક્ષા હવે નેટ પર....
www.prakashsamiksha.com
E-mail : kdoprakash@gmail.com

**નોંધ :** આ પત્રમાં પ્રકાશિત થતા લેખકોના સ્વતંત્ર અભિપ્રાય/મંતવ્યો સાથે તંત્રીમંડળ સહમત જ છે એમ માનવું નહીં. તેમજ આરોગ્યને લગતા લેખો કે કોઇ જાહેરાતોમાં કરવામાં આવતા દાવાઓ/વિધાનો અંગે પ્રકાશ-સમીક્ષા સમિતિની કોઇ જવાબદારી નથી.

# જ્ઞાતિ પત્રકારત્વ કેવું હોવું જોઈએ? માખણીયું મોટાં કંઈ ખોટું કરેજ નહીં એવું ઠસાવનારું કે પ્રેરક છતાંય ઔષધીય ગુણ ધરાવતા કડવા લીમડા જેવું?

અન્ય જ્ઞાતિઓ કરતાં કચ્છી દશા ઓસવાલ જ્ઞાતિમાં પત્રકારત્વનું ખેડાણ વહેલું શરૂ થયું. કચ્છના રાજાને જવાબદાર રાજાશાહી લાવવા માટેની અરજ નહીં સ્વીકારો તો કાળના વળાંકે ફેંકાઈ જશો એવી ચેતવણી આપનારા શ્રી કાયાણીએ ઈ.સ. ૧૯૧૦માં કચ્છી દશા ઓસવાલ દર્પણ સામાયિક જ્ઞાતિમાં સમાજ સુધારણા માટે શરૂ કર્યું તે પહેલાં પણ પ્રસંગોપાત લોકોને સુધારા તરફી બનાવવા માટેના ચોપાનીયા રૂપે જ્ઞાતિમાં પત્રકારત્વનું ખેડાણ થતું આવ્યું હતું. આ દૃષ્ટિએ કચ્છી દશા ઓસવાલ જ્ઞાતિના પત્રકારત્વની સત્તાવાર ઉંમર આજે ૨૦૧૪માં ૧૦૪ વર્ષની ગણાય.

અલબત્ત, આજે પણ જ્ઞાતિપત્રકારત્વ કેવું હોવું જોઈએ એ બાબતની પુરી સમજદારી વિકસી નથી એવું લાગે છે. જોકે, અન્ય સમુદાયો કરતાં કચ્છી દશા ઓસવાલ જ્ઞાતિમાં આ બાબતની સમજ વધુ છે એ વાતની સગર્વ નોંધ લેવી જરૂરી છે.

ઈ. સ. ૧૯૮૦ પછી જ્યારે અખિલ ભારતીય સ્તરે જ્ઞાતિસંગઠનોમાં ઢીલાશ આવી તે પછી લગભગ બધી જ જ્ઞાતિઓમાં જ્ઞાતિ દાનવીરો, આગેવાનો, કાર્યકરો, પ્રતિભાઓની પ્રશંસા કરતી વેળા વિવેકભાન વચ્ચે ન આવવું જોઈએ એવો આગ્રહ રખાતો થયો. સમગ્ર ગુજરાતી પત્રકારત્વને આલોચકની દૃષ્ટિએ જોવા બદલ પ્રશંસા પામેલા સમકાલીન તંત્રી હસમુખ ગાંધી આને માખણીયું પત્રકારત્વ કહેતા.

કચ્છી દશા ઓસવાલ જૈન જ્ઞાતિ દાનવીરની દાનશક્તિ, આગેવાનોની તથા કાર્યકરોની નેતૃત્વ શક્તિ તથા પ્રતિભાઓની વ્યક્તિ વિકાસ શક્તિની દૃષ્ટીએ હંમેશા સરેરાશથી ઘણી ઉપર રહેનારી જ્ઞાતિ હતી અને આજે પણ છે. તે માખણીયું પત્રકારત્વ અપનાવે તો આજે ભલે બહુમત જ્ઞાતિજનોને તેમાં વાંધો દેખાતો નથી. પણ અગાઉથી ખેડાયેલ પત્રકારત્વમાં આ બાબતમાં વિવેકભાન રાખવાનો આગ્રહ સાચી રીતે જળવાયો છે.

તેથીજ સમજદાર લોકો એવો આગ્રહ રાખે છે કે જ્ઞાતિ પત્રકારત્વ જ્ઞાતિના દાનવીરો - આગેવાનો - કાર્યકર્તાઓ - પ્રતિભાવંતોને પ્રેરક હોવા સાથે ઔષધીય ગુણ ધરાવતા કડવા લીમડા જેવું હોવું જોઈએ. કેમકે તેમાંનું પ્રેરક તત્વ જ્ઞાતિના દાનવીરો આગેવાનો, કાર્યકર્તાઓ તથા પ્રતિભાવંતોને વધુને વધુ સારી કામગીરી કરવા પ્રેરે તો ઔષધીય ગુણજેવું કડવા લીમડા જેવું ગુણકારી તત્વ સમાજને નબળા આગેવાનોને સ્વીકારી લેવા તથા તેમના આત્મ પ્રશંસા કરનારા નગારખાનાથી બચવામાં મદદ કરે.

આવું પત્રકારત્વ વિરોધના સુરને મંચ આપે છે અને જ્યારે અનિચ્છનીય તત્વો સમાજનો લલચામણા વચનોના ઘેનમાં પોઢાળી દે ત્યારે સામાન્ય માનવીને જગાડવા માટે જરૂર પડે વિરોધપક્ષની ભૂમિકા પણ ભજવે છે.

આવા કડવા લીમડા જેવા પત્રકારત્વ પર સામાન્ય રીતે એવો આક્ષેપ થતો હોય છે કે તે એકપક્ષી હોય છે અને નાહકની ટીકાઓ કરે છે.

જેનો આ આક્ષેપકારો નકારાત્મક પત્રકારત્વનું ઉપનામ આપતા હોયછે. અલબત્ત, ખરા પત્રકારોએ એ નારાજગીથી નાસીપાસ થવાનું ન હોય, તેમણે તો માત્ર સ્વયં શિસ્તથી એ વાતનો ખ્યાલ રાખવાનો હોય કે જાણ્યે અજાણ્યે પોતે સમાજકારણનો બદલે રાજકારણને પ્રાધાન્ય તો નથી આપી રહ્યા ને?

જ્ઞાતિ પત્રકારો આ બાબત સભાન છે અને અવારનવાર વસ્તુલક્ષી આલોચના કરે છે., આ આલોચના જ તેમને પ્રતિકુળ સ્થિતિનો સામનો કરવાનું નૈતીક તાકાત આપે છે. આવું વિવેકી પત્રકારત્વ સમાજ માટે મંચ બનવાનો પ્રયત્ન કરતું હોય છે.

આખા વિષયનો સારાંશ એ છે કે કચ્છી દશા ઓસવાલ જૈન જ્ઞાતિનો જ્ઞાતિમાં પત્રકારત્વના પ્રારંભથી જ પ્રેરક છતાં કડવા લીમડા જેવા ગુણકારી પત્રકારત્વની ઓળખ થઈ છે જેથી તે માખણીયા અને મોટા ખોટું ન કરે જ નહીં, એવું ઠસાવનારા પત્રકારત્વને જ્ઞાતિ ઓળખી શકે છે, ઉઘાડું પાડી શકે છે અને કપરા કાળમાં પણ પ્રેરક છતાં કડવા લીંમડા જેવા ગુણકારી પત્રકારત્વને મારવાના પ્રયત્નો સામે ઢાલ બની શકે છે.

**- ચંદ્રસેન મોમાયા**

---

### અગત્યની સુચનાઓ

● પ્રકાશ સમીક્ષાને ઈ - મેલથી જાહેરાત / સમાચાર / મેટર મોકલ્યા પછી તેની અમને આ નંબર પર SMS એસ.એમ.એસ. દ્વારા જાણ કરવા વિનંતી. જેથી તેની નોંધ લઈ શકાય. મોબાઈલ નં. ૯૦૦૪૧૬૫૧૯૨. આ નંબર ફક્ત SMS એસ.એમ.એસ. સ્વીકારવા માટે જ છે.

● સમાચાર/ જાહેરાત માટે મોકલેલ મેટર અંગે સહતંત્રી શ્રી ચંદ્રસેન મોમાયાનો સંપર્ક કરવો. મો. ન. ૯૩૨૪૬૧૮૬૦૬ અંકોન મળવા અંગે તેમને ફોન નહીં કરવા વિનંતી.

Please Note : Whenever you send news / advertisement / matter by email, please do send your sms for the same to us on Mob. ; 9004165192. This number is for receiving sms only.


**પ્રકાશ-સમીક્ષાના જાહેરાત દર**

| પ્રકાર | સાઈઝ | આર્ટ પેપર કલર | ન્યુજ ગ્લેઝ કલર | બ્લેક-વ્હાઈટ |
|---|---|---|---|---|
| આખું પાનું | 160 x 225 mm | 7,000/- | 5000/- | 4,000/- |
| અડધું પાનું | 160 x 111 mm | 4,000/- | 2600/- | 2250/- |
| પા પાનું | 77 x 111 mm | 2,500/- | 1400/- | 1250/- |
| ૧/૮ પાનુ | 77 x 54 mm | આર્ટ પેપરની બેપાનાની જાહેરાત મળે તોજ | 800/- | 700/- |
| ૧/૧૬ પાનું | 77 x 27 mm | | 400/- | 350/- |

**ચેક C.D.O. PRAKASH SAMIKSHA SAMITI ના નામે લખવા**

જા.ખ. મેટર મોકલવા સાથે જા.ખ. બ્લેક/વ્હાઈટ છે કે કલર છે, જા.ખ.ની સાઈઝ, જા.ખ.નું બીલીંગ નામ-સરનામું અને જરૂરી પેમેન્ટ સાથે મોકલવું અત્યંત આવશ્યક છે.

આપણી જ્ઞાતિના આ.ઠમાં વસતીપત્રકના જ્ઞાતિજનોના ફોર્મની વિગતો મુજબ સમિતિએ વસતીપત્રક નું અગોતરું સંસ્કરણ www.kdovp.com સાઈટ પર બીટા ટેસ્ટીંગ માટે રજુ કર્યું છે. જ્ઞાતિજનો વેબસાઈટ પર જઈને રજીસ્ટ્રેશન કરીને પોતાની વિગતો ચકાસી શકે છે. લગભગ ૫૦ ટક્કા કુટુંબના પ્રતિનિધિઓએ રજીસ્ટ્રેશન કરી વિગતો જોઈ છે અને સુધારા પણ કરાવ્યા છે. આપે હજી પણ આ ન કર્યુ હોય તો રજીસ્ટ્રેશન કરી વિગતો ચકાસી લેશોજી. આપના કુટુંબના ઝાડની પણ માહિતી મેળવશો જેમાં તમારા કુટુંબમાં પિતા-કાકા-ફઈ વગેરેના નામો ખાસ કરીને તપાસજો અને ફેરફાર હોય તો જણાવશો. ઘણા કિસ્સાઓમાં કુટુંબમાં ઉપરની બીજી કે ત્રીજી પેઢીએ કાકાઈ ભાઈઓ તેમજ ગોત્રના અન્ય ભાઈઓના નામ સરખા હોયતો વંશવેલાના ઝાડમાં ક્યાંક ભેગા થઈ જતા ગંભીર ભૂલો જણાઈ છે. સૌને વિનંતી છે કે આપને યાદ હોય તે મુજબની વંશાવલી પ્રમાણે જો તમારું Family Tree ન હોય તો જણાવશો અને કયાં ભૂલ છે અને શું હોવું જોઈએ તે ખાસ જણાવશો.

ટેકનોલોજીના વિકાસના કારણે હવે તમારા મોબાઈલમાં પણ તમારા મોબાઈલ પણ આપ વ.પ ડાઉનલોડ કરી જયારે જરૂર જણાય ત્યારે રીફર કરી શકશો. જે હવે શકય બન્યું છે. આપનો મોબાઈલ android હોય અને નેટનું રજીસ્ટ્રેશન કારવશો તો આપને વ.પ.સ દ્વારા રોજ મોકલાતા વિવિધ સમાચારો તમને તમારા કુટુંબને લગતા હોય તો જન્મદિવસ, વેડીંગ એનીવર્સરી, મરણ વગેરે ના સમાચાર રોજ રોજ મળશે. હવે I phone, I-Pad પર પણ આ સુવિધા ઉપલબ્ધ છે. આગળ જતાં અન્ય એપ્લીકેશન જેવી કે જા.ખ., સંસ્થા સમાચાર, નોકરી અંગે જાહેરાત વગેરે પણ શરૂ થશે.

વસતીપત્રક સમિતિ દ્વારા જ્ઞાતિને જોડતી અન્ય સુવિધાઓ પણ ભવિષ્યમાં અપાશે. વ.પ.નું ફોર્મ ન ભર્યુ હોય તો તુરંત ભરી જ્ઞાતિની આ ભગીરથ ઉપલબ્ધિઓમાં સામેલ થઈ જવા વિનંતી છે. જ્ઞાતિપત્રોમાં આવતા જન્મ, સગપણ, લગ્ન, મરણ ની વિગતોની નોંધ રોજ રોજ લેવાય છે. છુટાછેડા થયા હોય તો તે બાબતની કાયદાકીય કાગળની કોપી વ.પ સમિતિને મોકલવાથી સુધારા લેવાય છે.

અપના બાળકો માટે યોગ્ય વહુ/મુરતિયા ઉંમર, ગોત્ર, શિક્ષણ વિગતો મેળવવાની યંત્રણાપણ નજીકમાં ભવિષ્યમાં શરૂ કરાશે.

યાત્રા પ્રવાસ ક્ષેત્રે આધુનિક પ્રણાલિકાઓના પ્રણેતા ®
તન મન
ટુર એન્ડ ટ્રાવેલ્સ
9323360708/25903514-5-6
tanmantravels@yahoo.co.in
www.tanmantour&travel.com

અભિનંદન - અનુમોદન
શ્રી ક.દ.ઓ. જૈન જ્ઞાતિ મહાજન જસાપર, ને નુતન અતિથિગૃહ અને શ્રી ક.દ.ઓ. જૈન જ્ઞાતિ મહાજન બાંડિયાને, નુતન ઉપાશ્રય ભવનમાં ઉદઘાટન પ્રસંગે વધામણાં સહ શુભેચ્છાઓ.
- તન-મન પરિવાર

શિખરજીની એકમાત્ર અને સર્વ પ્રથમ આપણી પોતાની
★★★ જેવી સુવિધાયુક્ત વાતાનુકુલીત હોટલ
SHIKHARJI™
Continental
MADHUBAN - JHARKHAND
06558-232429

શુભેચ્છાઓ સહ...
સાંધવ રત્ન
શ્રી મુલજી રાઘવજી લોડાયા
MRL Group of Companies

શુભેચ્છાસહ.....
શીતલ કોટન ટ્રેડર્સ
શ્રી કાંતિલાલ ગાંગજી વોરા પરિવાર
(રંગપુર-કોઈમ્બતુર)

ABDASA (KACHCHH) GAUSHALA TRUST
(Trust Regn. No. E-2071-Kachchh P.A. No. AABTA 7039 A)
C/o. Vipul Shivji Damaji, Village Rapar Gadhwali, Taluka Abdasa (Nalia).
Dist. Kachchh, Gujarat State - 370 645 Tel. : (02831) (952831) 273256.
**Mumbai Office :** 602-B, Prem Nagar No. 6, M.C.F. Udyan Marg, Borivali (W), Mumbai - 400 092.
Tel. : 2893 6173 / 2890 4500

## લોડાયા તથા મૈશેરી પરિવારનું ગૌરવ

### અભિનંદન !!!



**રોમીલ હરીશ લોડાયા** (બાંઢીયા - મુલુંડ, મુંબઈ)

**IIM-બેંગ્લોરથી P.G.D.M. (પોષ્ટ ગ્રેજયુએટ ડીપ્લોમા)**

શુભેચ્છા સહ

દાદાણા : રાઘવજી હીરજી લોડાયા પરિવાર (ગામ : બાંઢીયા)

નાનાણા : નવલબાઈ લીલાધર મૈશેરી પરિવાર (ગામ : લાલા)

પરિવાર જનો : હરીશ રાઘવજી લોડાયા, માલા હરીશ લોડાયા, વિશાલ હરીશ લોડાયા, નમ્રતા વિશાલ લોડાયા



K.D.O. STUDENTS ASSOCIATION
Estd. 1954

## Shree KDO Students Association

*Organises*

# Mumbai Salsa

## A World Tour of Mumbai



**Special Attraction :**

OPEN BUS, MONORAIL
BANDRA WORLI SEA LINK &
MANY MORE SURPRISING PLACES...

**Age group: Special Group 4th Std. to 10th Std.**
**Open Group : 11th & Above**







ENTRY FEES
**₹ 100/-**
for Special group

ENTRY FEES
**₹ 200/-**
for Open group

Sunday, Date : 18 May 2014
Start from 9.30am onwards

All details provided on the time of Registration
above 16 Years Age, Membership Compulsory

**Contact :**

| Mayank Momaya | Forum Lalka | Arpan Khona | Dharmita Lodaya | Urvesh Chheda |
|---|---|---|---|---|
| (All Mumbai ) | (Ghatkopar ) | (Bhandup-Mulund) | (Dombivali) | (Kanjur) |
| 09022295750 | 9833253036 | 9930222189 | 9819462131 | 9022023778 |

# કચ્છ કોઠારા સ્થાને બીરાજીત
# મૈશેરી કુળના ચામુંડા માઁની છઠ્ઠી પહેડી

કચ્છ કોઠારા સ્થાને બીરાજીત કુળદેવી માઁ ચામુંડા, માઁ આશાપુરા અને માઁ સચ્ચાઈને નમતા મૈશેરી કુળના ભાવિકો માટેની છઠ્ઠી પહેડીનું આયોજન રવિવાર, તા. ૧૮-૫-૨૦૧૪ ના કરવામાં આવેલ છે.

**પહેડીના સંપુર્ણ લાભાર્થી પરિવાર**

## માતુશ્રી ધનબાઈ જેઠાભાઈ રાજપાર મૈશેરી
## લાલા - મુલુંડ - અમલનેર સહપરિવાર

**પહેડીનો શુભ દિવસ :** રવિવાર, તા. ૧૮-૫-૨૦૧૪
**પહેડીનો શુભ સમય :** સવારના ૯.૦૦ થી ૨.૦૦
**પહેડીનો શુભ સ્થળ :** શેઠશ્રી નરશી નાથા સભાગૃહ, A.C. હોલ, એલ.બી.એસ માર્ગ, ભાંડુપ (વેસ્ટ), મુંબઈ - ૮૦.

### : પહેડીના કાર્યક્રમની રૂપરેખા :

| | |
|---|---|
| સવારે ૮.૦૦ કલાકે | માતાજીનું સામૈયુ (કુકરેજાથી) |
| સવારે ૯.૦૦ કલાકે | માતાજીની સ્થાપના |
| સવારે ૯.૩૦ કલાકે | ભક્તિની રમઝટ જીગીશા રાંભીયા અને સાથી કલાકારો |
| સવારે ૧૦.૧૫ કલાકે | પહેડી |
| સવારે ૧૧.૦૦ કલાકે | થાળ અર્પણ |
| સવારે ૧૧.૫૦ કલાકે | મહાઆરતી |
| બપોરે ૧૨.૦૦ કલાકે | મહાપ્રસાદ - ભોજન |

આ પ્રસંગે આપ સૌ ભાવિકો પરિવાર સહ આમંત્રિત મહેમાનો તથા નિયાણી બહેનોને સહકુટુંબ પધારવા ભાવભર્યું આમંત્રણ છે.

(કાળા વસ્ત્રો પરિધાન કરવા નહીં, ચામડાંની વસ્તુઓનો (બેલ્ટ અને પાકીટ વગેરે) ઉપયોગ કરવો નહીં)

**આશાપુરા માઁના ભૂઈમાઁ તરીકે અ.સૌ. મીના મનીષ મૈશેરી સ્થાપિત થયેલ છે.**

**: દર્શનાભિલાષી :**

**માતુશ્રી ધનબાઈ જેઠાબાઈ રાજપાર મૈશેરી પરિવાર (લાલા-મુલુંડ-અમલનેર)**
**તથા માઁ ચામુંડા સમુહ પહેડી કમિટિના જય માતાજી**

## પરબ શકિત સંજીવની સોસાયટી
## સહર્ષ રજુ કરે છે.
## ગીત - સંગીત અને સંવેદનાઓથી ભરપુર કાર્યક્રમ

# ‘તિર્થોત્તમ’

**“દેવ હાજર ન રહી શકે ઘર ઘર મહીં, માં સ્વરૂપે જન્મ લે જીવતર મહીં.”**

માં જનેતા તો છે... પણ તેનાં સ્વરૂપ પણ અનેક છે. માતૃભૂમિ માતૃભાષા, શિક્ષક, નદી, ગાય વગેરે પણ માંના જ સ્વરૂપો છે. ચાલો માંના આ વિવિધ સ્વરૂપોને જાણીએ અને માણીએ - ગીત - સંગીતનાં સથવારે....

**તદન અનોખો નાવીન્યસભર પ્રોગ્રામ માણવા પધારો.**

**મુખ્ય અતિથી : શ્રીમતી વંદનાબેન ઈશ્વરભાઈ શાહ**

આ પ્રોગ્રામમાં ‘પરબ’ તરફથી આપણા સમાજની ૬ સન્નારીઓ



**૧. માતુશ્રી ઈન્દુબેન ગોવિંદજી ધરમશી**
**૨. માતુશ્રી કાંતાબેન મુલજી લોડાયા**
**૩. ડૉ. ઈલાબેન વેરશી મૈશેરી**
**૪. શ્રીમતી મૃદુલાબેન હિરાચંદ દંડ**
**૫. એડવોકેટ ચંદ્રપ્રભાબેન બંકીમ ખોના**
**૬. ડૉ. તરલા લીલાધર મૈશેરી**

જેઓ સમાજસેવાના ક્ષેત્રમાં ખુબ જ આગળ છે, તેઓનું સન્માન કરવામાં આવશે.

તેમજ પરબ પાંચ વિદ્યાર્થીઓને લેપટોપ ભેટ આપવામાં આવશે.

**તા. ૯.૫.૧૪ શુક્રવાર સમય : ૧ થી ૬.૩૦ વાગ્યા સુધી**
**સ્થળ : શ્રી નારાણજી શામજીની વાડી,**
**ભાઉદાજી રોડ, માટુંગા (સે.રે)**

**આપ કાર્યક્રમની પાસ રૂા. ૨૦૦/- ભરીને**
**નીચેના સભ્યો પાસેથી મેળવી શકો છે.**

ઈન્દિરા વીકમશી : 09324036055 તરલા ધુલ્લા : 09820281919
કાશ્મિરા લુઠીયા : 09821675772 પારુલ મોતા : 09322280529
દત્તા ખીમજી : 09820032882 પુષ્પા ખોના : 09322262521
દમયંતી શાહ : 09821913887 જયશ્રી દંડ : 09892215560
ચંદન મોમાયા : 09820803010 મીરા મોમાયા : 022-27660227
મીના શાહ : 09820566306 લીના કાયાણી : 09820926699

**ખાસ નોંધ : આ કાર્યક્રમમાં આવનારને ‘અવસર સારીઝ (દાદર)’ તરફથી ખરીદી પર ૧૦ ટક્કા ડીસ્કાઉન્ટ આપવામાં આવશે.**

# શ્રધ્ધાસુમન

## શ્રી વીરજી લધાભાઈ ક.દ.ઓ. જૈન વિદ્યાર્થીગૃહના આધારસ્તંભ,
## ચિરસ્મરણીય ટ્રસ્ટી શ્રી ગોવિંદભાઈ જીવરાજ લાલકા



**'શિક્ષણક્ષેત્રે આથમતો આ સૂર્ય દે છે સંદેશ**
**છેલ્લા કિરણ સુધી કર્તવ્યનિષ્ઠાથી દેજે તું તેજ'**

**તમારા પરિશ્રમ દ્વારા સાંપડેલી પ્રગતિ તમારી સદાય ઋણી રહેશે.**

શ્રી ગોવિંદજીભાઈ જીવરાજ લાલકાએ પોતાના આ જીવનની કર્મયોગની યાત્રા
તા. ૨૮.૦૪.૨૦૧૪ના પુર્ણ કરી અનંતયાત્રા માટે પ્રયાણ કર્યું.
તેમને શ્રધ્ધાંજલિ અર્પતા એટલુંજ કહેવાનું કે....

અંજલિ આપતા શબ્દો ખુટે છે, શ્રધ્ધાંજલિ આપતા શબ્દો તુટે છે.
કુદરતના ખજાનાને ખોટ પડે છે, ત્યારે માયાળુ માનવીના ખજાના લૂટે છે.
નથી હયાત પણ સાથે છે એવું હંમેશા લાગ્યા કરે છે,
હર ક્ષણે તમારી ઉપસ્થિતિનો આભાસ લાગ્યા કરેછે,
ક્યારેક કહેવાયેલી વાતોના ભણકારા વાગ્યા કરે છે.
તમારા પરિશ્રમ દ્વારા સાંપડેલી પ્રગતિ તમારી સદાય ઋણી રહેશે.
ધર્મનો મર્મ સત્કર્મથી સમજાય છે, દરેક અંત એક નવાની શરૂઆત છે.
સંસાર ચક્રમાં મૃત્યુ તો એક વિસામાનું સ્થાન છે, આત્મા તો અમર છે.
પ્રભુ આપના દિવ્ય આત્માને પરમ શાંતિ અર્પે એજ પ્રાર્થના.

**શ્રી વિરજી લધાભાઈ કે.ડી.ઓ. જૈન વિદ્યાર્થીગૃહ, શ્રી સી.ડી.ઓ.જૈન શિક્ષણ પ્રસારક સમિતિ ટ્રસ્ટ,**
**શ્રી સી.ડી.ઓ.જૈન સમાજ કેળવણી ઉત્કર્ષ ટ્રસ્ટ,**
**શ્રીમતી લક્ષ્મીબાઈ વિરજી લધાભાઈ કે.ડી.ઓ. જૈન કન્યા છાત્રાલય તથા**
**શ્રી કચ્છી દશા ઓસવાલ જૈન ભગિનીગૃહના**
**ટ્રસ્ટીઓ અધિકારીઓ, કર્મચારીઓ, અને વર્તમાન તથા**
**ભુતપુર્વ વિદ્યાર્થીઓ, વિદ્યાર્થીનીઓ તરફથી....**

## નિષ્ઠા અને સમજણથી પણ જ્ઞાતિ સેવા થઈ શકે છે
## તેનું શ્રેષ્ઠ દ્રષ્ટાંત શ્રી ગોવિંદજી જીવરાજ લાલકા

શ્રી ગોવિંદજી જીવરાજ લાલકાના દેહાંતથી શ્રી કચ્છી દશા ઓસવાલ જૈન જ્ઞાતિએ એક મુક નિષ્ઠાવાન આગેવાન ગુમાવ્યા છે. તેમને જ્ઞાતિની ઘણી સંસ્થાઓ પોતાના આધાર સ્થંભ ગણે છે અને તેમની ચિરવિદાયથી પડેલી ખોટ પુરવી પાતાને માટે મુશ્કેલ હશે એવું અનુભવે છે તેનું કારણ એ છે કે ગોવિંદજીભાઈ જે સંસ્થા સાથે સેવા નિમિત્તે સંકળાય તેના રોજિંદા ક્રમનો અભિન્ન ભાગ બની જાય. ટ્રસ્ટબોર્ડ અને કારોબારીમાંના તેમના અન્ય સાથીઓને તેમણે લીધેલા નિર્ણયોનું સંસ્થાનાં કર્મચારીઓ પાલન કરે છે કે નહીં, એ બાબત કોઈ કાળજી લેવાની રહેતી નહીં. કેમકે એકામ ગોવિંદજીભાઈ સ્વેચ્છાએ ઉપાડી લેતા.

સામાન્ય રીતે એવી માન્યતા છે કે સાધન સંપન્ન લોકો જ જાહેર જીવનમાં પડી શકે. ગોવિંદજીભાઈએ આ માન્યતાથી વિપરિત સામાન્ય માણસ પણ આયોજનપુર્વક જીવન જીવે તો સમાજ માટે ઘણું ઘણું કરી શકે એ વાત પોતાના સાર્થક જીવન દ્વારા પુરવાર કરી.

મધ્યમ વર્ગીય પરિવારમાંથી આવતા ગોવિંદજીભાઈએ મેટ્રીક પછી સાસ્મીરામાં રોજગારલક્ષી કોર્સ કર્યો. એ જમાનામાં રોજગારલક્ષ્મી કોર્સ કરી તેમણે મધ્યમવર્ગી વિદ્યાર્થીઓ માટે નવી દિશા ખોલી. જાહેર જીવનમાં પણ શૈક્ષણિક સંસ્થાને પ્રાધાન્ય આપી તેઓ ઓછા માર્કસ લાવતા પણ અન્ય કૌશલ્ય ધરાવતા વિદ્યાર્થીને આ બાબત માર્ગદર્શન આપી નવી દિશા ખોલવાની પ્રેરણા આપતા.

જ્ઞાતિની પ્રખ્યાત રૂની પેઢી લાલજી રામજી એના કુંટુબનો મોટો માલિકી હિસ્સો ધરાવતી બોમ્બે સિલ્ક મિલમાં પોતાની કારકિર્દી શરૂ કરનારા ગોવિંદજીભાઈએ મુખ્ય મેનેજર તરીકેનું મહત્વનું સ્થાન પ્રાપ્ત કર્યું હતું.

જીવન આયોજન પર ભાર મુકતા

**શ્રી રંગપુર નગરે - શ્રી ભીડભંજન પાર્શ્વનાથ જીનાલયે સિલ્વર જ્યુબીલી**



**ધ્વજા રોહણ, પરિકર સ્થાપના, ભામંડલ પ્રદિષ્ઠા પ્રસંગે**



### ત્રિહાન્હિકા મહોત્સવ

**તા : ૯-૫-૨૦૧૪ થી ૧૧/૫/૨૦૧૪**

શ્રી રંગપુર નગરે શ્રી ભીડભંજન પાર્શ્વનાથ દાદાના દરબારે ધ્વજા રોહણ, પરિકર સ્થાપના અને ભામંડલ પ્રતિષ્ઠા પ્રસંગે ત્રિહાન્હિકા મહોત્સવ તા. ૯-૫-૨૦૧૪ થી ૧૧/૫/૨૦૧૪ દરમ્યાન અચલગચ્છાધિપતિના આજ્ઞાવર્તિની **પ. પૂ. સાધ્વી શ્રી દિવ્યગુણાશ્રીજી મ.સા. અને પ.પૂ. સા. શ્રી કીટીગુણાશ્રીજી મ.સા.** ની નિશ્રામાં ભવ્યાતિભવ્ય રીતે ઉજવાશે.

આ સંઘની આમંત્રણ પત્રિકા સર્વે રંગપુરવાસીઓ, નિયાણી બહેનો તેમજ કચ્છી દશા-વિશા સમાજના આદરણીય અગ્રણીઓ ને મોકલવામાં આવેલ છે. આપને કદાચ કોઈ કારણસર પત્રિકા ન મળી હોય તો આ જાહેરાતને આમંત્રણ સમજી પધારવા વિનંતી. આપ જાણ કરશો તો પત્રિકા મોકલવાની વ્યવસ્થા કરવાનો પ્રયત્ન કરવામાં આવશે.

આ પ્રસંગે આપ સૌને ચડાવા લેનાર ભાગ્યશાળી પરિવારો, આમંત્રીત મહેમાનો ને રંગપુર નગરે પધારવા આગ્રહભરી વિનમ્ર વિનંતી. આશા છે આપ જરૂરથી પધારશો અને જૈન શાસનની શોભા વધારશો.

લી.

**શ્રી રંગપુર કચ્છી દશા ઓસવાલ જૈન શ્રી ભીડભંજન પાર્શ્વનાત દેરાસર અને ઉપાશ્રય વતી**

*બીપીન પાશ્વીર નાગડા, માનદમંત્રી, ટ્રસ્ટી*
*સંપર્ક : નીતીનભાઈ - ૯૮૯૨૯ ૫૦૮૧૪*

ગોવિંદજીભાઈએ નિવૃત્તિકાળ પુર્ણપણે સમાજસેવા માટે સમર્પિત કરી દીધો. અહીં પણ આયોજન સુઝથી પોતાને પસંદ હોય તે સાથે પોતે જેમાં સમાજને સૌથી વધુ ઉપયોગી થઈ શકે તેવા ક્ષેત્ર તેમણે પસંદ કર્યા. તે ક્ષેત્રો એટલે જિનાલયનો શ્રેષ્ઠ વહીવટ અને જ્યાં નવી પેઢીના ઘડતરમાં ફાળો આપી શકાય તેવું શિક્ષણ પ્રસારનું ક્ષેત્ર.

ધાર્મિક કે જિનાલયના વહીવટમાં પોતાના વતનના ગામના શ્રી લાલા ચંદ્રપ્રભુ દેરાસરજી ટ્રસ્ટના ટ્રસ્ટી તરીકે વર્ષો સુધી સેવાઓ આપી એના વહીવટને શ્રેષ્ઠ બનાવવા શ્રેષ્ઠ પ્રયત્નોકર્યા.

જાકે સમસ્ત જ્ઞાતિએ તેમણે જાણ્યા અને વખાણ્યા એકધારા ચાર ટર્મ સુધી એટલે કે સતત

## શ્રી નલીયા નાગડા ગોત્ર માતાજીની સમુહ પહેડી

શ્રી નાગડા ગોત્રના માતાજીના નવીનીકરણ થાનકને પાંચવર્ષ પુર્ણ થયાની ઉજવણી નિમિત્તે તા. ૨૮.૬.૧૪ શનિવાર તા. ૨૯.૬.૧૪નો રવિવારના બે દિવસનો કાર્યક્રમ નલીયા મધ્યે રાખવામાં આવેલ છે. માતાજીની સમુહ પહેડી પણ સાથે રાખવામાં આવેલ છે.

નલીયા મધે નાગડા ગોત્રના શ્રી અંબા માતાને નમતા ભાવિકો તથા નિયાણીઓને કાર્યક્રમમાં પધારવા ભાવભર્યું આમંત્રણ છે.

જે કોઈ ભાવિકો પહેડીમાં આવવા ઈચ્છતા હોય તેઓ પોતના નામ નીચેના સંપર્કને લખાવવા વિનંતી જેથી વ્યવસ્થા માટે સુગમતા પડે. નવી ટેલીકોમ ડિરેક્ટરી બનાવવાની હોવાથી માતાજીને નમતા ભાવિકો પોતાના એડ્રેસ તથા મો. નંબર શ્રી ચેતન લહેરચંદ નાગડા મો. ૦૯૮૨૦૧૦૫૦૭૮નો જરૂરથી લખી મોકલવા ખાસ વિનંતી.

શ્રી માતાજીના થાનક બાજુના મકાનના નવીનીકરણ કરવા બાબત પહેડીમાં ચર્ચા - વિચારણા કરવામાં આવશે.

**વધુ માહિતી માટે સંપર્ક :**

શ્રી મહેશ શામજી નાગડા - ૯૪૨૮૬૮૪૩૨૭
શ્રી લહેરચંદ હીરજી નાગડા -૯૯૭૮૩૨૧૯૨૫
શ્રી મહેશ ખીમજી નાગડા - ૯૭૨૬૬૮૬૮૫૧

**લિ. નાગડા ગોત્ર માતાજી ભાવિકો નલીયા**

૨૦ વર્ષ સુધી શ્રી અનંતનાથ જિનાલયના ટ્રસ્ટી તરીકે રહી તેની મિલકતોના વહીવટ માટે નિયમિત સમય કાઢનારા તથા ટ્રસ્ટનાં ચાલી રહેલા કેસોમાં વકીલ પાસે કાનુની સલાહ મેળવી તેની શ્રેષ્ઠ વ્યવસ્થા કરનારા વહીવટકાર તરીકે.

તેઓ જ્યારે ટ્રસ્ટી થયા ત્યારે શ્રી અનંતનાથજી ટ્રસ્ટના ટ્રસ્ટીઓ સમક્ષ મસ્જિદ બંદર સ્થિત જ્ઞાતિના શ્રી અનંતનાથ જિનાલયના નવનિર્માણ અને તેને ૨૪ જિનાલયરૂપે વિકસાવવાના જ્ઞાતિના નિર્ણયને અમલમાં મુકવાની સમસ્યા હતી.

શ્રી ગોવિંદજીભાઈએ આ કામને, તે જણે તેમનું જીવન કાર્ય હોય તેટલું મહત્વ આપ્યું અને વર્ષ ૨૦૦૨માં જ્યારે તેનો પુનઃ પ્રતિષ્ઠા મહોત્સવ ઉજવાયો ત્યારે તેમાં પોતાના જીવન સાર્થકયનો ઉત્સવ ઉજવી રહ્યા હોય એમ સહકુટુંબ ઉત્સાહભેર ભાગ લીધો.

જોકે, જીવનના છેલ્લા શ્વાસ સુધી જેની સાથે જોડાયેલા રહેવાનું તેમણે પસંદ કર્યું હોય તેવું ક્ષેત્ર તો શિક્ષણ પ્રસાર દ્વારા ભાવિ પેઢીને ઘડવાનું. તેઓ જ્ઞાતિની બૃહદ સમાજમાં પ્રખ્યાત શિક્ષણ સંસ્થાઓ શ્રી વીરજી લધાભાઈ વિદ્યાર્થીગૃહ, શ્રી શિક્ષણ પ્રસારક સમિતિ ટ્રસ્ટ, શ્રી ક.દ.ઓ. ઉત્કર્ષ કેળવણી ટ્રસ્ટ અને શ્રીમતી લક્ષ્મીબાઈ વીરજી કન્યા છાત્રાલય સાથે છેલ્લા લગભગ પંદરેક વર્ષથી સંકળાયેલા રહ્યા. આ સંસ્થાઓના અન્ય વહીવટ કર્તાઓ અને કર્મચારીઓ જ નહીં તેનો લાભ લેનારા વિદ્યાર્થી - વિદ્યાર્થીની સંસ્થાએ તેનો આધારસ્તંભ ગુમાવ્યો એમ અનુભવે છે તે દર્શાવે છે કે ગોવિંદજીભાઈ કેટલી પ્રમાણમાં સંસ્થાના રોજિંદા ક્રમનું અભિન્ન અંગે બની ગયા હતા. તેમાં પણ છેલ્લા ચારેક વર્ષથી ઘાટકોપર ખાતેના વિદ્યાર્થીગૃહના નુતનીકરણના પ્રકલ્પમાં બાંધકામ પરની દેખરેખ આર્કિટેક, કોન્ટ્રેક્ટર સાથે વિનિમય એવી દરેક દરેક નાની મોટી જવાબદારીઓ ગોવિંદજીભાઈએ લગભગ એકલા હાથે અને તે પણ છેવટ લગી સંભાળી.

શ્રી ગોવિંદજી લાલકાની સ્મૃતિ તેમના દેહાંત પછીય સામાન્ય વ્યક્તિ પણ ધારે અને આયોજન કરે તો જ્ઞાતિના સમાજજીવનને સમૃદ્ધ કરવામાં અમુલ્ય આપી શકે છે તેની યાદ દેવડાવતી રહેશે.

RAJSHREE YOGA & FAT FREE ZONE®

Weight Management & Yoga Center

Since 1994

# રાજશ્રી યોગા અને ફેટ ફ્રી ઝોન નું સફળ ૨૦ મું વર્ષ

ગમે તેટલું વજન ઓછું કરી ને જો મનગમતો શેપ ઓછા ખર્ચે અને ટૂંક સમયમાં જોઈતો હોય તો એક માત્ર વિકલ્પ છે. **રાજ શ્રી યોગા અને ફેટ ફ્રી ઝોન**

**નામ નહીં કામ બોલે છે**



પહેલાં

**પહેલાં વજન 80 kg**

**પછી વજન 54 kg**



પછી

**ટોટલ વજન ઉતાર્યું - 26 kg ★ ટોટલ ઇંચ ઉતાર્યા -146**

"મારું વજન લગ્ન પહેલાં 60 kg હતું, ડિલીવરી પછી વધીને 80 kg થઇ ગયું.પછી ક્યારેય ઉતર્યું નહીં. ઘરનુ કામ કરવાનું મુશ્કેલ થઈ ગયું હતું, હાંફ ચડતી હતી.નવા કપડા ખરીદવા જતા તો XXXL પણ ટાઇટ થતાં, ત્યારે મને ખુબ શરમ આવતી. બીજી પતલી સ્ત્રીઓને જોઈ મને પણ પતલા થવાની ઈચ્છા થતી હતી,પણ મારી પાસે કોઈ ઉપાય નહોતો.મને રાજશ્રી યોગાની માહિતી મળી અને અહીં આવીને કન્સલ્ટ કર્યા પછી લાગ્યું કે હું અહીં વજન ઓછું કરી શકીશ.રાજશ્રી વોરાનાં સચોટઅને નિષ્ણાત યોગ પશિક્ષણના આધારે મારા જીવનમાં એ દિવસ આવી ગયો જયારે હું ૫૪ ણૂટ્ટ ની થઈ ગઈ.હવે બધા કપડા પહેરી શકુ છું. હું એમના પતિ દિલથી આભાર પકટ કરું છું.મારા જેવી ઘણી બહેનો છે જેમને હું રાજશ્રી યોગા જોઈન્ટ કરવાની સલાહ આપુ છે.જેથી તમે પણ તમારા જીવનમાં ખુશી લાવી શકશો."

Ph:- 24104142, 93233 33303, 93218 99909

મેડીકલ ડૉક્ટરનું માર્ગદર્શન ઉપલબ્ધ. એપોઈન્ટમેન્ટ લેવી જરૂરી.

૫, ધન બીલ્ડીંગ, પહેલે માળે , દાદા સાહેબ ફાલકે રોડ,
ગાડગે મહારાજ સેનેટોરિયમની સામે ભરતક્ષેત્રની ગલી માં, દાદર (ઇ), મુંબઇ -૪૦૦ ૦૧૪

વેબસાઇટ : www.rajshreeyoga.com E-mail : rajshreeyoga@gmail.com

## MARRIAGE – AN OUT OF THE BOX THOUGHT

*TILAKCHAND K. LODAYA (Chennai) Mob.: +91 99406 36646 Email :ourbrotherhood@yahoo.co.in*

Can we view Marriage from a different perspective? Over centuries of mind conditioning, the terms husband and wife have derived a very narrow connotation. It shrinks the scope of this lovely relationship. Drop the words husband and wife from your very vocabulary and resolve to be 'FRIENDS FOR A LIFETIME'. See the difference. Then, both the man and the woman will sometimes plays the mother, sometimes the father, sometimes a cranky kid, then the mentor, the teacher, the mirror.......... and of course husband and wife too. Expand the definition of this relationship and keep it open.

Don't try to do in one year what can be done in ten years. Most spouses fall all over each other, overdo everything within the first few months and then there is no life left in that relationship. They co-exist in a dead relationship. What can be a tree should not die as a plant. Take it slow and make it long and strong. Remember, less will make it more and more will make it less.

We have been told that after the wedding, both lives superimpose and there is only one life to live from then onward. No wonder most women were forced to live as a shadow of their man in the name of marriage – they tagged on, but as frustrated, self – pitying, sacrificial individuals who felt exploited. Though after marriage YOUR life and MY life has become OUR life, there is still MY life and YOUR life. 'Our' life is that intersecting space called marriage. Happiness in marriage depends on how both of you relate in 'our' space and how this space keeps growing with every passing year. However, he will continue to have HIS life and SHE should continue to have her life. In fact, whenever she goes to her space and comes to 'our' space, that's when she is at her best in 'our' space; the same is true with him. This will ensure you respect each other's space, each other's individual likes, dislikes and priorities, and most importantly, this alone will ensure that you do not suffocate each other in the name of love.

Happiness in marriage is not something that just happens. A good marriage must be created. It is at no time taking the other for granted. The courtship should not end with the honeymoon. It should continue through all the years. It is doing things for each other, not as duty or sacrifice, but in the spirit of joy. It is cultivating flexibility, patience, understanding and a sense of humour.

It is having the capacity to forgive and forget. It is about speaking words of appreciation. It is giving each other an atmosphere in which each can grow. The real love is not just based on romance, candle light dinners and walks along the beach. Its based on respect, understanding, compromise, care and trust. It is a common search for the good and the beautiful. Dependence is mutual and the obligation is reciprocal. Role of thread and needle and stapler in this relationship is more and important than scissors. Sharing financial planning works like a cementing force. Emphasis should be on being the right partner. It is discovering what marriage can be, at its best.

Please view marriage from this perspective and live a Happy life of 'FRIENDS FOR A LIFETIME'. Returns are assured and are guaranteed by self experience.

## અભિનંદન - આભાર

શ્રી ક.દ.ઓ જૈન મહાજન ગદગ દ્વારા તાજેતરમાં બાંધવામાં આવેલ અતિથિ ગૃહનાં રૂમો માટે ફાળાની ટહેલ નાખવામાં આવેલ તેના પ્રત્યુત્તર રૂપે મુંબઈથી સ્વ. માતુશ્રી વનિતાબેન વેલજી ચાંપસી પાલાણી, હ. શ્રીમતિ ચંદનબેન પ્રતાપ વેલજી પાલાણી ના નામે એક રૂમનાં નકરા પેટે ₹ ૧,૫૦,૦૦૦/- નો ફાળો મળેલ છે તે બદલ સંસ્થા તેમનો ખૂબ ખૂબ આભાર માને છે અને જ્ઞાતિજનોને ખાસ વિનંતી કરે છે કે તેઓ જરૂરથી યથાશક્તિ પોતાનો ફાળો નોંધાવે.

લિ. શ્રી ક.દ.ઓ. જૈન મહાજન, ગદગ

શ્રી નવીનચંદ લાલકા - 9945667500, શ્રી સતીશ લુઠીયા - 9845258214

**અભિનંદન!!!**



**ચિ. વારિક્ષ**

**રાધેશ્યામ ઠાકર**

શૈક્ષણિક ક્ષેત્રે જ્વલંત

સફળતા બદલ

**હાર્દિક અભિનંદન**

M.B.A. IIM - Indore
B. Tech (IT), VJTI - Mumbai
H.S.C. - Mumbai University (91.33%)
S.S.C. - Maharashtra Board (92.66%) 19th in merit list

દર વર્ષે શ્રી અરિહંત કો. ઓપ બેંકના શૈક્ષણિક ઈનામ યોજના હેઠળ **"પ્રથમ"** ઈનામ પ્રાપ્ત કરેલ છે.

હાલમાં Samsung કું. માં અસિસ્ટન મેનેજરના હોદ્દા ઉપર નિયુક્ત થયેલ છે.

ચિ. વારિક્ષ ભવિષ્યમાં દરેક ક્ષેત્રે ઉન્નતી પ્રાપ્ત કરે અને બન્ને કુટુંબનો ગૌરવ વધારે એવી શુભકામના

**શુભેચ્છક:**

**નાનાણા : સૌ. રમાબેન શશીકાન્ત લક્ષ્મીચંદ ધુલ્લા -** નલિયા (ઘાટકોપર)

**દાદાણાઃ સૌ. ઈન્દુમતીબેન રમણલાલ ઠાકર -** ઘાટકોપર

**માતા - પિતા : સૌ. અસ્મિતા રાધેશ્યામ ઠાકર -** ઘાટકોપર

॥ નમો નમઃ તીર્થાધિપતિ શ્રી સુપાર્શ્વનાથ સ્વામીને નમઃ ॥

## શ્રી મોડપર સુપાર્શ્વનાથ મહારાજ શ્વેતાંબર મૂર્તિપૂજક જૈન દેરાસર અને ઉપાશ્રય

કાર્યાલય : આર્ય જય કલ્યાણ કેન્દ્ર, ૧૦૩ મેઘરત્ન, દેરાસર લેન, ઘાટકોપર-ઈસ્ટ, મુંબઈ-૭૭ ફોન : ૦૨૨-૨૫૦૧ ૧૭૮૮

અવસરે પધારનાર સર્વે ભાવિકોને વિનંતી છે કે આપની આવવાની/જવાની વિગતો પ્રસ્તુત ફોર્મમાં, સુવાચ્ય અક્ષરે ભરી સંઘની ઓફિસે તા.૧૫-૫-૨૦૧૪ ગુરૂવાર સુધી મોકલી આપશોજી. જેથી અમોને આપની સગવડતા સાચવવામાં સરળતા રહે • વધુ ભાવિકો હોય તો, આ ફોર્મની ઝેરાક્ષ પણ ચાલશે.

| ક્ર. | શ્રાવક/શ્રાવિકાનું નામ | પુ./સ્ત્રી | ઉંમર | જવામાં ટ્રેનનું નામ/તા. | આવવામાં ટ્રેનનું નામ/તા. | નોંધ |
|---|---|---|---|---|---|---|
| | | | | | | |
| | | | | | | |
| | | | | | | |
| | | | | | | |
| | | | | | | |
| | | | | | | |
| | | | | | | |

૧) જો આપને આપના ગ્રુપ જોડે રહેવું હોય તો નોંધમાં લખી જાણ કરશો, તો તે મુજબ ગોઠવવા અમો પ્રયત્નશીલ રહેશું.
૨) આપની જરૂરીયાતની દવાઓ, ફોટો આઈ ડી તથા એડ્રેસ પ્રુફ અને પાણીનું સાધન પોતાની સાથે લઈ લેવા વિનંતી.
૩) રહેવાની વ્યવસ્થા મોડપર મુકામે કરવામાં આવી છે.
૪) હાલાર દર્શનની બુક મુજબ આપના તથા આપની આંતરજ્ઞાતિમાં પરણેલ દીકરીઓના સરનામામાં કોઈ ફેરફાર હોય તો ફોર્મ સાથે લખી ઘાટકોપર ઓફિસે મોકલવા વિનંતી.

આપે સંઘ માંથી રેલ્વેની ટિકીટ કઢાવી હોય તો પણ આ ફોર્મ ભરવાનું રહેશે.
સમિતીને કાર્યક્રમ/વ્યવસ્થામાં ફેરફાર કરવાનો અધિકાર રહેશે.

**નિમંત્રક : શ્રી મોડપર સુપાર્શ્વનાથ પ્રભાવક તીર્થ અંજનશલાકા પ્રતિષ્ઠા મહોત્સવ સમિતિ**
**કન્વીનરો : ચીમન મોતા • પંકજ ધરમશી • કલ્પેશભાઈ મોતા • અશોકભાઈ દંડ • પારસભાઈ મૈશેરી**

## સ્ત્રીઓને ડિપ્રેશન વધારે આવે છે.

**વનિતા**



**વિશ્વ**

સ્ત્રીઓને ડિપ્રેશન વધારે આવે છે? ભારતમાં દર પાંચે એક વ્યક્તિની માનસિક તંદુરસ્તી બરાબર નથી. દર સોએ એક વ્યક્તિ ગંભીર માનસિક તકલીફોથી પીડાય છે. મુંબઈમાં દર હજારે પચાસ સ્ત્રીને ડિપ્રેશન છે અને પુરુષ કરતાં સ્ત્રીમાં ડિપ્રેશનનું પ્રમાણ બમણું છે.

જો તેમ ઉદાસી, આનંદથી ભાગવું, કોઈ વાતમાં રસ નહીં, આત્મવિશ્વાસનો અભાવ, અપરાધીપણું, થાક કે એકાગ્રતાના અભાવનો શિકાર હો તો ચેતી જજો. આ ડિપ્રેશનની શરૂઆત હોઈ શકે. આવી સ્થિતી લાંબી ચાલે તો વ્યક્તિ કામ કરવાની ક્ષમતા અને તંદુરસ્તી ગુમાવવા લાગે છે. તેને વૈજ્ઞાનિક રીતે બુદ્ધિપુર્વક સમજો અને ઉપાય કરો. ઓછું ડિપ્રેશન હોય તો આત્મનિયંત્રણ અને પોઝિટિવ વિચારોથી, સમજદાર મિત્ર કે સાથીના સપોર્ટથી તેમાંથી મુક્ત થઈ શકાશે, પણ મધ્યમ અને ભારે ડિપ્રેશનમાં કાઉન્સેલિંગ ઉપરાંત દવાઓ પણ લેવી પડે છે.

તાવ આવે કે ખાવાનું ન પચે ત્યારે ડોક્ટરની સલાહ લઈએ છીએ ને જિંદગી ન પચતી હોય, પોતાની જાત સાથે સંવાદિતા ન રહેતી હોય, વર્તનમાં સંતુલન ન રહેતું હોય ત્યારે બેદરકાર કેમ રહીએ છીએ?


**દેવલાલીમાં અમુલ્યતક**

**દેવલાલીમાં સંભવનાથ દેરાશર લામરોડ,**
**૧ બ્લોક ૬૭૫ ફૂટ ગ્રાઉન્ડ ફ્લોર,**
**૧૮૫૦ લાખમાં વેચવાનો છે.**
**ટીફીન ભરી આપવાની તક છે.**
**તેમજ જ્યુસ સેંટર ખોલવાતી તક છે.**
**ફોન : ૦૨૫૩ -૨૪૭ ૩૨૦૬ લોડાયા**


આ દુશ્મનાવટ છે પોતાની સાથે સ્ત્રીઓના શરીરમાં તરુણાવસ્થાના ફેરફાર, માસિક ધર્મ, પ્રસુતિ અને મેનોપોઝને કારણે હોર્મોન લેવલમાં મોટાં પરિવર્તનો આવે છે. તેને લીધે લાગણીતંત્ર પર અસર થાય છે. ઉપરાંત ભારત જેવા દેશામાં સ્ત્રી પરનાની ઉંમરથી જ સાંસ્કૃતિક, સામાજિક અને પારિવારિક દબાણ ઘણું રહે છે. મા, પત્ની, પુત્રી તરીકે એકસરખા અનેકવિધ કામ કરતી રહેલી સ્ત્રી આજે કારકિર્દી પાછળ પણદોડી રહી છે. તેના મન પર આવતા દબાણનો ઈલાજ ડિપ્રેશનની પરંપરાગત ટ્રિટમેન્ટ પાસે નથી.

કારણો, ઈલાજો ગમે તે હોય - બહેનો, ખુબ સજાગ રહો. સંવેદનશીલ જરૂર રહો, પણ લાગણીઘેલાં ન થાઓ. પોતાના મિત્ર બનો, પોતાને પ્રેમ કરો. શરીર અને મન આપણાં અદભુત સાધનો છે, વફાદાર મિત્રો છે. આપણે તેમને ખેંચી ખેંચીને ઢસરડા તો કરતા રહીએ છીએ.

પણ તેમની યોગ્ય કાળજી રાખવાનું ચુકી જઈએ છીએ. ફાવે તેમ ખાવું, વિચારો પર કોઈ કાબુ નહીં, સ્વાર્થી ને ગણતરીબાજ વૃત્તિ, રોદણાં, મટિરિયાલિઝમ - કયાં જઈ રહ્યા છીએ આપણે? આનાથી પોતાનું પણ ભલું થાય ખરું? યોગ્ય ખાવું, કસરત, પોઝિટિવ વિચારો, આત્મવિશ્વાસ અને મદદરૂપ થવાની ભાવનાથી શરીરને, મનને પોષીએ કેમ નહીં ? ઈર્ષા - દ્વેષ - દેખાદેખી જેવી નકારાત્મક ભાવનાઓથી દુર કેમ ન રહીએ? આનંદમાં રહેવું, હળવાશથી અને પ્રસન્નરતાથી હાથ પરનાં કામ કરવા, પ્રેમ આપવો ને બધાનું ભલું ઈચ્છવું તે શું બહુ મુશ્કેલ બાબતો છે?

જીવન સરળ નથી. મૂશ્કેલીઓ આવે જ છે, પણ જાત સાથે મૈત્રી હોય, જિંદગી તરફ શ્રદ્ધા હોય તો મુશ્કેલી ચાલી પણ જાય છે. ઓશો કહેતા કે કોઈ કલાક સાઠ મિનિટથી વધારે લાંબો નથી હોતો. એટલે કે આપણાં સુખો કે દુઃખો એના સમયે પુરાં થવાનાં જ છે.

બંનેમાંથી સાચવીને પસાર થતાં તો શીખવું જ પડે. કશું પકડી રાખવાની જિદ ન કરવી, છોડતાં પણ શીખવું. અને ફરી વાર, પોતાના સાચા મિત્ર બનો, પોતાને સાચો પ્રેમ કરો. જિંદગીને પણ દરેક રૂપમાં ચાહો. એટલી ચાહો કે તેને છોડવાનો સમય આવે ત્યારે મન તૃપ્ત હોય.

**- સોનલ પરીખ**
**જન્મભુમિ માંથી સાભાર**

## કાવ્ય પ્રકાશ

કડેં પણ રિસાઈજા ન,
મુંકે મનાઈંધો નતો અચો,
કડેં મુંથી લમું ન વેજા,
મુંકે વટે બોલાઈંધો નતો અચો,
કડે મુંકે ભોલી વેનોત આંજી મરજી,
મુંકે ત ભોંલઈંધોં પણ નતો અચો....

પથરો હેકડીવાર મંદિરેમેં વેનેતો
નો ભગવાન ભની વેનેતો,
માડુ રોજ મંદિરેમેં વેનેતો પણ,
ભગવાન ત છડે ડેઓ,
માડુ પણ નતો ભને.

વધતી મોંઘવારી નો ઘટતી આવક મેં,
આમ માડુ કે આધાર - કાર્ડ ન પણ,
ઓધાર કાર્ડજી જરૂર આય,
કેજરીવાલ સોણોતા?

ગરમી સૂરજમેંનું નકરેતી,
પણ તપણું ધરતી કે પેતો,
કરમ મેડે કાયાથી થીએંતા,
તપણું આત્માકે પેતો.

કોધરતી મેલો સે દુધ ભરાભર,
મંગીનો મેલો સે પાણી,
જટેનો ગેનો સે લોહી ભરાભર,
એડી સંતેજી વાણી.

હી શરીર જો કઈજા જતન,
નેકાં હથમેંનું સરકી વેંધો રતન

**- શાહ મધુકાંત વિશનજી,** ઘાટકોપર


Since 1984...
Lagna Deep
બી-૧૩, જલારામ આશિષ દેવીદયાલ રોડ,
મુલુન્ડ (વેસ્ટ), મુંબઇ-૪૦૦ ૦૮૦.
ફોન : ૨૫૬૮૦૮૦૭ (૦૨૨)

પધારો... અસ્સલ
કચ્છીયતના આંગણે...
રીયલ હેન્ડ એમ્બ્રોઇડરી,
રીઅલ જરી, ચોકબંધ ઘરચોળા
• રીયલ બટ કસબની સાડી બોર્ડર • પીટ્ટા તાર ભરતની સાડી
• કસબ અને જીક કસબની સાડી • પારસી વર્ક
• બ્રાઇડલ ચણીયા ચોળી, ડીઝાઇનર સાડી
• પાનેતર • બનારસી ઉપાડા અને ફેન્સી બાંધણી ઘરચોળાની ટેસ્ટેડ તથા રીયલ બોર્ડરો મળશે.
(એક્સક્લુઝીવ ડ્રેસ મટેરીયલ)
જુના ઘરચોળા સારી કિંમતે લેવામાં આવશે.
Mob. : 7666688881
ગુરૂવાર બંધ



લગ્નસરાની સાડીઓમાં કેડીઓ જ્ઞાતિનું વિશ્વસનીય નામ
અવસર સારીઝ
• સાચી/ટેસ્ટેડ કસબ અને જીંક કસબ સાડીઓ, ચણીયા ચોલી.
• રીયલ/ટેસ્ટેડ ઘરચોળા, બોર્ડરો, પાનેતર, બાંધણીઓ તથા ફેન્સીવર્ડ સાડીઓ.
૧, રૂપલ અપાર્ટમેન્ટ, દાદા સાહેબ ફાલકે રોડ,
દાદર (ઈ), મુંબઈ - ૧૪. ટે. ૨૪૧૬ ૪૨૩૯
સંપર્ક: દિનેશ દેઢિયા - 92234 25676

# શબ્દાનંદ

## આડી ચાવી

૧. ક્રિકેટની રમતમાં ત્રીજા અમ્પાયરનો પહેલો શિકાર ખેલાડી (૮)
૭. ઢગલો (૨)
૮. બાળકનું માનસ (૫)
૯. પરીક્ષામાં...પણ થવાય (૩)
૧૦. ફાટ, ચીરો (૨)
૧૧. વસ્તુઓ મુકવાની ખાનાંવાળી બનાવટ (૩)
૧૩. કુળ, વંશ (૩)
૧૫. અવાજ (૨)
૧૭. કાપીને મારી નાખવું તે (૨)
૧૮. જીત, ફતેહ (૨)
૧૯. પ્રપંચ, કાવતરું (૪)
૨૨. દુર નહીં એવું (૩)
૨૪. એક ઓજાર, કારતડી (૩)
૨૫. આ સમુદ્રને જઈ મળે (૨)
૨૭. ધંધો, વેપાર (૩)
૨૯. કેફની ખુમારી (૨)
૩૧. આંખ (૩)
૩૩. બફારો, ઉકળાટ (૨)
૩૫. ગાંઠ, ઢીમણું (૨)
૩૭. કાયમ, હંમેશા (૨)
૩૮. શરીરનો મોહક હાવભાવ (૩)
૩૯. લંકાપતિ, રાવણ (૪)



## ઊભી ચાવી

૧. ઈશ્વર, પેદા કરનાર (૫)
૨. પુરુષત્વ વિનાનું (૪)
૨-અ. ઉગ્ર, તીક્ષ્ણ (૨)
૩. જૂઠું બોલવાની ટેવવાળું (૩)
૪. ..... કરે સો આજ કર (૨)
૫. વિષ્ણુ, પ્રભુ (૪)
૬. ફાળ (૩)
૧૦. કિનારો, કાંઠો (૨)
૧૨. સુક્ષ્મ, ઝીણું (૩)
૧૩. ગાયો રૂપી ધન - દોલત (૩)
૧૪. ધુળનો કણ (૪)
૧૬. મુળ ગામ કે દેશ (૩)
૨૦. રીત, રિવાજ (૩)
૨૧. એક અંગ્રેજી તોલ (૨)
૨૩. જિંદગી, આયુષ્ય (૩)
૨૪. આઘુંપાછું કરવું તે (૪)
૨૬. ગરીબ, રંક (૨)
૨૮. એક સુકો મેવો (૪)
૩૦. નાનો દડો (૨)
૩૨. યજ્ઞ કરવો તે (૩)
૩૪. ....એન્ડ જેફ (૨)
૩૬. ટીપું (૨)

---



### સંખ્યાવન

અહીં ચોકઠામાં તમારે નીચે આપેલી સંખ્યાઓ યોગ્ય ખાનામાં મૂકવાની છે. શરૂઆત કરવાની સરળતા પડે એટલે એક સંખ્યા ૪૯૭ પહેલેથી આપી છે.

**બે આંકડાની સંખ્યા :** ૧૫, ૧૮, ૨૬, ૩૧, ૪૬, ૪૯, ૫૫, ૬૫, ૭૨, ૮૫, ૯૩

**ત્રણ આંકડાની સંખ્યા:** ૨૮૨, ૩૬૫, ૪૯૭, ૫૬૪, ૬૨૮, ૭૮૨, ૮૨૩,

**ચાર આંકડાની સંખ્યા :** ૨૫૪૪, ૩૬૧૯, ૩૯૬૪, ૪૩૯૭, ૫૨૮૪, ૬૯૩૩, ૭૩૨૬, ૮૧૨૩, ૯૩૪૨

**પાંચ આંકડાની સંખ્યા :** ૧૮૫૩૬, ૨૧૭૩૫, ૨૪૭૬૫, ૩૪૫૭૯, ૬૨૧૭૪, ૭૧૬૨૭, ૭૨૩૪૯, ૮૨૨૭૩

**છ આંકડાની સંખ્યા :** ૧૨૩૪૮૭, ૩૨૫૭૧૪, ૪૨૬૮૧૫, ૫૪૨૮૨૩, ૬૪૫૭૯૧, ૭૪૨૭૮૯, ૮૪૬૭૨૯, ૯૨૮૩૫૧

**NUMBER GAME IN THIS BOX, YOU HAVE TO FILL FOLLOWING NUMBERS :**

**2 Digit Nos :** 15, 18, 26, 31, 46, 49, 55, 65, 72, 85, 93

**3 Digit Nos :** 282, 365, 497, 564, 628, 782, 823,

**4 Digit Nos :** 2544, 3619, 3964, 4397, 5284, 6933, 7326, 8123, 9342

**5 Digit Nos :** 18536, 21735, 24765, 34579, 62174, 71627, 72349, 82273

**6 Digit Nos :** 123487, 325714, 426815, 542823, 645791, 742789, 846729, 928351



# જ્ઞાતિ સંસ્થા કર્મચારીનું સન્માન કરનારાઓની જ્ઞાતિ કદર કરે



શ્રી નલીયાવાસી ડોમ્બિવલી મિત્ર મંડળે મારૂ જ્ઞાતિ સેવા સન્માન કર્યું. તે બદલ મંડળના પદાધિકારીઓ તથા દાતા પરિવારનો આભાર માનું છું. ભવિષ્યમાં આવા જ્ઞાતિ સેવાના કાર્યો કરનારની સમાજ કદર કરે એમ ઈચ્છું છું.

મેં શ્રી નરશી નાથા કચ્છી જૈન બાળાશ્રમમાં ૧૭ વર્ષ જ્ઞાતિના બાળકો ઘર થી છુટા પડી સંસ્થામાં દાખલ થાય ત્યારે તેમનામાં શિસ્ત, અભ્યાસ પ્રત્યે રૂચિ સંપથી રહેવું પોતાનું કામ સ્વ હસ્તે કરવું. ચોરી ન કરવી વેરફેર ન રાખવું, ધાર્મિક જ્ઞાન વગેરે ગુણો તેમનામાં ઉતારવા કેટલા અઘરા છે.

આજે એક બે છોકરાને સાચવવું કેટલું અઘરૂ છે. તે સૌ જાણે છે. સંસ્થામાં ૫૦ થી ૮૦ બાળકોને સાચવવું એ કામ કેટલું અઘરું હશે.

આ ઉપરાંત સામાજિક ફરજો, સંસ્થા માટે ફંડ ફાળ્યો ભેગું કરવું આ બધા કામની કદર કરી એ જાણી બહુ જ ખુશ થયો છુ.

## સમય - સમય બળવાન !

સમય સદા ચાલતો રહે છે. કદી રોકાતો નથી. કોઈની વાત જોતો નથી. એની વિતી ગયેલો સમય ફરી પાછો આવતો નથી. સમયનો ગાળો નાનો હોય કે મોટો એ મહત્વનો હોય છે. પછી જોઈશું, ફરીથી વિચારીશું એમાં મળેલી તક ફરી જલ્દી મળતી નથી. કોઈક નશીબદાર નેજ ઝડપવાની કે પોતાની ભુલ સુધારવાની લાંબેગાળે કે અનિશ્ચિત સમયે મળી જાય છે. તો શા માટે મળેલા સમયનો સદ ઉપયોગ ન કરીએ. એવું ન કરી શકતા પાછળથી ખુબ પસ્તાવો થાય છે. સમયને માન આપીએ સાચવીએ તો સારી તક અવશ્ય મળે છે. સમયની રફતાર સાથે કદમ મિલાવી ને ચાલતાં ઘણાં સુપ્રસંગો પાર પડેછે અને આનંદ - ખુશી થી મનને અનહદ શાંતી મળે છે. સમયથી દિન રાત છે સમયથીજ આજ અને કાલ છે. ફુલોની રોજ છે અને કાંટાનો તાજ પણછે. પસંદગી આપણી છે. એ પસંદ કરવા આપણે ખુદ રસ્તો બનાવવો પડે છે. ક્યારેક આપણને બધાને થાય છે કે હવે શું ? કેટલી જીંદગી બચીછે. જવા દોને જે થવા નુ હોય તે થાય ઉપરવાળા નીમરજી ના, ના આવી હતાશા - નિરાશા શા માટે ? જીંદગી નો છેલો સમય છે તો કેમ હશી ખુશીથી વિદાય ન લેવી ? કહેવાય છે કે જેનો અંત સારૂં એનું બધુંજ સારૂં જીંદગી સફળ લાગશે યાદગાર બની જાય છે. પોતાને અને પોતાના કુટુંબીજનોને તથા સમાજને પણ ચિર - સ્મરણીય બને છે. આથી વિતેલા સમયના ભુતકાળને ભુલીને વર્તમાન માંજીવીએ એજ ઉત્તમ સિદ્ધિ બની રહેશે.

- શરદભાઈ મહેશ્વરી (વડોદરા)


શુભેચ્છાસહ Laxmichand Dharshi Mota

MOTA SHIPPING AGENCY

C.H.A.No. 11-0404

રાજ લક્ષ્મી આરોગ્ય ધામ - પંચગીની

સંપર્ક : 08879677709

શુભેચ્છાસહ.....

શ્રી હીરાલાલ હંસરાજ ડાઘા (માટુંગા-વરાડીયા)

અંબા શીપીંગ એજન્સીઝ

૪૦૧, રાજગોર ચેમ્બર્સ, ૯૯ મસ્જીદ સાઈડીંગ રોડ, મુંબઈ-૯.

જ્ઞાતિના સર્વાંગીણ વિકાસ માટે સમર્પિત

શ્રી નરશી જેઠાભાઈ દંડ પરિવાર (વરાડીયા-મલકાપુર)

M/s. VIRCHAND NARSHI COTTON PVT. LTD.

Asia's First ISO 9001:2000 Certified Gin Press

## શ્રી વીરજી લધાભાઇ કે.ડી.ઓ.જૈન વિદ્યાર્થીગૃહ, ઘાટકોપર
## શ્રી સી.ડી.ઓ.જૈન શિક્ષણપ્રસારક સમિતિ ટ્રસ્ટ
## શ્રી લક્ષ્મીબાઇ વીરજીભાઇ કે.ડી.ઓ.જૈન કન્યાછાત્રાલય

**ઉપરોકત સંસ્થાઓને તેમની વિવિધ ભેટ યોજના હેઠળ તા:૦૧.૦૪.૨૦૧૩ થી ૩૧.૦૩.૨૦૧૪ દરમ્યાન મળેલ ભેટની યાદી;**

| | દાતાશ્રીનું નામ | વિદ્યાર્થીગૃહ | એસ.પી.એસ | કન્યાછાત્રાલય | કુલ રકમ |
|---|---|---|---|---|---|
| ૧ | વીરજી લધાભાઇ ટ્રસ્ટ | ૧,૮૦૦,૦૦૦ | | | ૧,૮૧૦,૦૦૦ |
| | વીરજી લધાભાઇ ટ્રસ્ટ, દિવાળી બોણી | | | ૧૦,૦૦૦ | |
| ૨ | શ્રી માણેકજી વેલજી ખોના ચેરીટેબલ ફાઉન્ડેશન-કાયમી અનામત ફંડ | | ૨૩૦,૮૦૧ | | ૨૩૦,૮૦૧ |
| ૩ | માતુશ્રી નવલબાઇ વીરચંદ વાલજી મોમાયા; સ્કોરલશીપ ફંડઃ હસ્તે શ્રી શ્રેણિક વીરચંદ મોમાયા | | ૫૧,૦૦૦ | | ૧૦૪,૦૦૦ |
| | માતુશ્રી નવલબાઇ વીરચંદ વાલજી મોમાયા; સ્કોરલશીપ ફંડઃ હસ્તે શ્રીમતી જ્યોતિ શ્રેણિક વીરચંદ | | ૨૧,૦૦૦ | | |
| | માતુશ્રી નવલબાઇ વીરચંદ વાલજી મોમાયા; સ્કોરલશીપ ફંડઃ હસ્તે કું. પુજા શ્રેણિક વીરચંદ મોમાયા | | ૨૧,૦૦૦ | | |
| | માતુશ્રી નવલબાઇ વીરચંદ વાલજી મોમાયા; સ્કોરલશીપ ફંડઃ હસ્તે શ્રીપાલ શ્રેણિક વીરચંદ મોમાયા | | ૧૧,૦૦૦ | | |
| ૪ | શ્રીમતી સરલાબેન જયચંદ નરશી લોડાયા, ચેંબૂર-કાયમી અનામત ફંડ | | | ૧૦૦,૦૦૦ | ૧૦૨,૫૦૦ |
| ૫ | શ્રીમતી સરલાબેન જયચંદ નરશી લોડાયા, ચેંબૂર-મિષ્ઠાન ભોજન | | | ૨,૫૦૦ | |
| ૬ | ખીમજી કુંવરજી ટ્રસ્ટ-દિવાળી બોણી | ૫૦,૦૦૦ | ૫,૦૦૦ | ૭,૫૦૦ | ૬૨,૫૦૦ |
| ૭ | સ્વ.લક્ષ્મીબેન જીવરાજ મહેશ્વરી, હસ્તે શ્રીમતી કલપ્નાબેન હીરાચંદભાઇ મહેશ્વરી, વિલેપાર્લે | | ૫૦,૦૦૦ | | ૫૦,૦૦૦ |
| ૮ | અ.સૌ.મિનાલી અમિત શાહ, યુએસએ- પુત્ર ચિ.આરવની દ્વિતિય વર્ષગાઠ નિમિતે એક વિદ્યાર્થીની વાર્ષિક ફી | ૨૧,૦૦૦ | | | ૪૨,૦૦૦ |
| | શ્રી અમિત દિનેશ શાહ, યુએસએ- પુત્ર ચિ.આરવની દ્વિતિય વર્ષગાઠ નિમિતે એક વિદ્યાર્થીની વાર્ષિક ફી | ૨૧,૦૦૦ | | | |
| ૯ | શ્રીમતી કાંતાબેન કાતિલાલ ધરમશી, સાંધાણ હસ્તે શ્રીમતી પારૂલ દિનેશ લોડાયા અને શ્રીમતી હિના દિનેશ અજાણી | | ૩૫,૦૦૦ | | ૩૫,૦૦૦ |
| ૧૦ | શ્રીમતી ઇંદુમતી માણેકજી અજાણી ચેરીટેબલ ટ્રસ્ટ | | ૧૧,૦૦૦ | ૧૧,૦૦૦ | ૨૨,૦૦૦ |
| ૧૧ | સ્વ.તારાલક્ષ્મી તરૂણકુમાર નાગડા, નલીયા/ખંડવા, હસ્તેઃ શ્રીમતી રેખાબેન કીરીટભાઇ ધરમશી, મંજલ | ૧૬,૫૦૦ | | | ૧૬,૫૦૦ |
| ૧૨ | શ્રી નરેશ ભવાનજી મોમાયા, ઘાટકોપર, મિષ્ઠાનભોજન અને પયુર્ષણ પર્વ દરમ્યાન તપ કરેલ વિદ્યાર્થીઓને અનુમોદના | ૧૧,૦૦૦ | | | ૧૧,૦૦૦ |
| ૧૩ | શ્રીમતી દમયંતીબેન ચાંપશીભાઇ શાહ, ઘાટકોપર, પર્યુષણ પર્વ દરમ્યાન અનંતછાયા ખાતે બેંડ વગાડતા વિદ્યાર્થીઓને અનુમોદના | ૧૧,૦૦૦ | | | ૧૧,૦૦૦ |
| ૧૪ | શ્રી મધુકાંત પદમશી ખોના, ઘાટકોપર શૈક્ષણિક ભેટ અને તા.૧૮.૧૨.૨૦૧૩ના જન્મદિન નિમિતે મિષ્ઠાન ભોજન | ૧૦,૦૦૦ | | | ૧૦,૦૦૦ |
| ૧૫ | હેમલતાબેન ખીમજીભાઇ મોતા, નેપ્યનસી રોડ, | | ૫,૦૦૦ | ૫,૦૦૦ | ૧૦,૦૦૦ |

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૧૬ | શ્રી વિશાલ પદમશી લાલકા, આદીપુર-કચ્છ, ચિ.તરંગ વિશાલ લાલકાના જન્મદિન નિમિતે મિષ્ઠાન ભોજન ૨૨.૮.૨૦૧૩ | ૫,૦૦૧ | | ૨,૫૦૧ | ૭,૫૦૨ |
| ૧૭ | માતુશ્રી મણીબેન જેતશી ગોવિંદજી દંડ પરિવાર, ઘાટકોપર- છ્ઠના પારણા નિમિતે મિષ્ઠાન ભોજન’ | ૫,૦૦૧ | | ૨,૫૦૧ | ૭,૫૦૨ |
| ૧૮ | ટી.એમ.ગોસર એન્ડ કું. | ૫,૦૦૦ | ૧,૦૦૦ | ૧,૦૦૦ | ૭,૦૦૦ |
| ૧૯ | શ્રીમતી ચંદનબેન મણીલાલ લાલન, સાંગલી- લગ્નની ૫૧મી તિથી નિમિતે | ૫,૧૦૦ | | | ૫,૧૦૦ |
| ૨૦ | શ્રી નરેન્દ્ર લખમશી નાગડા,નલીયા/ડોંબિવલી | ૫,૦૦૧ | | | ૫,૦૦૧ |
| ૨૧ | શ્રી હીરેનભાઇ રાયચંદભાઇ લાલકા, બોરીવલી, શ્રી રાયચંદભાઇના જન્મદિન નિમિતે તા.૨૦.૧૦.૧૩ના મિષ્ઠાનભોજન નિમિતે | ૫,૦૦૧ | | | ૫,૦૦૧ |
| ૨૨ | એક સદગૃહસ્થ | | | ૫,૦૦૧ | ૫,૦૦૧ |
| ૨૩ | એક સદગૃહસ્થ | ૫,૦૦૦ | | | ૫,૦૦૦ |
| ૨૪ | કુ. કિન્નરી હિતેશ ભટ્ટ-તા.૨૩.-૦૩.૨૦૧૪ના મિષ્ઠાન ભોજન નિમિતે | ૫,૦૦૦ | | | ૫,૦૦૦ |
| ૨૫ | શ્રી મેઘજી ભાણજી પોલડીયા, ડુમરા/ નાગપુર | | | ૫,૦૦૦ | ૫,૦૦૦ |
| ૨૬ | જી.વી.સી. સંઘ, લેડીઝ વિંગ, ઘાટકોપર -બેંડ વગાડતા વિદ્યાર્થીઓને અનુમોદાના | ૨,૮૫૧ | | | ૨,૮૫૧ |
| ૨૭ | શ્રી ગોવિંદજીભાઇ લાલકા, શ્રી મધુભાઇ ખોના, શ્રી નરેશભાઇ મોમાયા -મિષ્ઠાન ભોજન | | | ૨,૫૫૦ | ૨,૫૫૦ |
| ૨૮ | શ્રીમતી જયાબેન શાંતિલાલ ખોના-વિદ્યાર્થીઓને ખજૂર પેટે | ૨,૫૦૦ | | | ૨,૫૦૦ |
| ૨૯ | શ્રી કચ્છી દશા ઓસવાલ જૈન જ્ઞાતિ મહાજન બાંડિયા, કચ્છ | | | ૨,૫૦૦ | ૨,૫૦૦ |
| ૩૦ | માતુશ્રી વેજબાઇ કુંવરજીભાઇ લાલકા પરિવાર, નેત્રા, કચ્છ | | | ૨,૫૦૦ | ૨,૫૦૦ |
| ૩૧ | શ્રી લીલાધરભાઇ ગાંગજી લાપસીયા, દલતુંગી, નમ્રતા વિજય લાપસીયાની સગાઇ પ્રસંગે મિષ્ઠાન ભોજન | | | ૨,૫૦૦ | ૨,૫૦૦ |
| ૩૨ | શ્રીમતી ભાવના ભરત દંડ, દતાણી, ચિ. પ્રિયંકા ભરત દંડના લગ્નપ્રસંગે મિષ્ઠાન ભોજન | | | ૨,૫૦૦ | ૨,૫૦૦ |
| ૩૩ | શ્રીમતી રશ્મિબેન કૈલાસ મુનવર અને હંસા નિતીન મોતા, ચિ. દક્ષા કૈલાસ મુનવરના લગ્નપ્રસંગે મિષ્ઠાન ભોજન | | | ૨,૫૦૦ | ૨,૫૦૦ |
| ૩૪ | શ્રી ભવાનજી અરજણ ખીમજી ચેરીટેબલ ટ્રસ્ટ | | | ૨,૫૦૦ | ૨,૫૦૦ |
| ૩૫ | શ્રી મનિષ સોમચંદ દોલત, જલગામ | | ૧,૦૦૦ | | ૧,૦૦૦ |
| ૩૬ | શ્રી ભૂપેન્દ્ર ચંદ્રકાંત છેડા, નલીયા/ઘાટકોપર | | ૫૦૦ | | ૫૦૦ |
| | | | | | |
| | | ૧,૯૮૫,૯૫૫ | ૪૪૩,૩૦૧ | ૧૬૯,૫૫૩ | ૨,૫૯૮,૮૦૯ |
| | | | | | |

સંસ્થાઓ પ્રત્યે આજ રીતે સ્નેહ ભરેલું ઝરણું આપ સર્વે તરફથી સતત વહેતું રહે તેવી આજના દિને શુભેચ્છા. આપશ્રી દાતાઓનો ખૂબ ખુબ આભાર

અને ઋણ સ્વીકાર

લિ.

દરેક સંસ્થાઓના ટ્રસ્ટીઓ તથા અધિકારીઓ

**જ્ઞાતિના સ્પર્શતા સમાચારો ટૂંકમાં પાનાની એક બાજુએ સારા અક્ષરે કાર્યક્રમ પૂર્ણ થાય કે તરત લખી મોકલવા વિનંતી.**

## વરાડિયા તિર્થે મહાવીર જન્મકલ્યાણક

વરાડિયા તિર્થે વૈશાખ સુદ ૧૦, શનિવાર તા.૧૨-૪-૧૪ ના મહાવીર દેવ, કેવલજ્ઞાન કલ્યાણક નિમિત્તે મુંબઈથી પધારેલ ૩૦ જણની સાથે બહોળી સંખ્યાની હાજરીમાં શ્રી પ્રભુજીની પખવાઝ સાથે વાજતે ગાજતે રથયાત્રા કાઢવામાં આવી. તે પ્રસંગનો લાભ માતૃશ્રી ધનબાઈ લખમશી મોમાયા પરિવાર તરફથી લેવામાં આવતા, સાટાની પ્રભાવના કરવામાં આવી.

ધન-લખ-ભવનના વાસ્તુ નિમિત્તે શ્રી પ્રભુજીને વાજતે ગાજતે તેમના ઘરે તેડવામાં આવ્યા તથા રાગ રાગીણીથી શ્રી પ્રાર્શ્વનાથ પંચ કલ્યાણી પૂજા ભણાવવામાં આવી. ત્રણ દિવસના સાધર્મિક ભકિતનો તથા બહારગામથી પધારેલ આમંત્રીતોના પ્રવાસ તથા ઉતારા ખર્ચ માતુશ્રી ધનબાઈ લખમશી મોમાયા તરફથી ઉપાડવામાં આવ્યો ટ્રસ્ટી શ્રી પ્રતાપ મુલજી પીર એ શોભાયમાન હાજરી નોંધાવેલ.

## અચલગચ્છાધિપતિ સાંયરા પધાર્યા

સાંયરા તા.૫/૪/૧૪ ના તપસ્વી રત્ન અચલગચ્છાધિપતિ પ.પુ.આ.ભ.શ્રી ગુણોદયસાગરસુરીશ્વરજી મ.સા.આદિમુનીરાજશ્રીઓ પધારતા સાંયરા સંઘે વાજતે ગાજતે પ્રવેશ કરાવેલ. વરાડીયા સંઘ તથા સુથરી સંઘ આવેલ હતા. સવારના સાંયરા સંઘ તરફથી બધાને નવકાશી હતી. તથા અલગ અલગ દાતા તરફથી રૂા. ૫૦નું સંઘપુજન થયેલ માતુશ્રી વાલબાઈ દામજી નરશી ધોળ પરિવાર તરફથી પ્રભાવના થયેલ.

તા.૭/૪/૧૪ના શ્રી લીલાવંતીબાઈ રાયચંદ ધ્રોળ પરિવાર તરફથી મહાકાળી માતાજીની ભાવના થયેલ. જેમાં પ્રેમચંદભાઈ, કલ્પેશભાઈ, કસ્તુરબાઈ, પારૂલબેને સારી રમઝટ બનાવેલ.

તા.૮/૪/૧૪ ના સાહિત્યદિવાકર પ.પૂ.આ.ભ. શ્રી કલાપ્રભાસાગરસુરીશ્વરજી.મ.સા. તથા પ.પૂ. મુનીરાજશ્રી પધારતા સાંયરા સંઘ વાજતે ગાજતે પ્રવેશ કરાવેલ. માતુશ્રી વાલબાઈ દામજી નરશી ધ્રોળ પરિવાર તરફથી સંઘપૂજન થયેલ. સાંયરા ચૈત્ર સુદ ૭ થી ૧૫ પૂનમ સુધી આયંબિલની ઓળીના ભાગ્યશાળી દાતા માતુશ્રી ભચીબાઈ પદમશી લોડાયા હસ્તે શ્રીમતી જયાબેન શાંન્તીલાલ લોડાયા તરફથી કરવામાં આવેલ.

ચૈત્ર સુદ ૧૪ ના ૧૩/૪/૧૪ ના અ.સૌ. હીનાબેન રતીલાલ દામજી ધ્રોળ પરિવાર તરફથી મહાકાલી માતાની ભાવના થઈ. તા. ૧૪.૪.૧૪ ચૈત્ર સુદ પુનમના માતુશ્રી દમંયતીબાઈ દામજી નરશી મોમાયા મોટરવાલા તરફથી ભાતા જમણ થયેલ. જેમાં રૂા. ૧૦નું સંઘ પૂજન માતુશ્રી વાલબાઈ દામજી નરશી ધ્રોળ પરિવાર તરફથી થયેલ.

તા.૧૫/૪/૧૪ ના શ્રી હંસકુમાર શીવજી લોડાયા તરફથી સ્વામીવાત્સલ્ય જમણ થયેલ તથા એમના તરફથી રૂા. ૨૦ નું સંઘ પૂજન થયેલ. પૂનમના દર્શન કરવા મુંબઈથી શ્રી રતીલાલભાઈ, દિનેશભાઈ પટેલ, વાલજીભાઈ, હંસકુમારભાઈ, હીરાચંદભાઈ પટેલ આવેલ.

## ભારતનગર ગાંધીધામમાં શ્રી મહાકાલી ભાવના

શ્રી જીરાવલ્લા ઉપાશ્રય ભારતનગર તા. ૨૮.૦૨.૧૪ના મધ્યે શ્રી મહાકાળી માતાજીની ભાવના ના ભાગ્યશાળી સ્વ. ભવાનજી પરબત મોતા હાલે સાંગલી - બારાપધરવાલા તરફથી ભાવના રાખેલ, સારી સંખ્યામાં લાભ લીધેલ.

ભાવનામાં જયંતભાઈ, મનીષભાઈ લાલકા, પરેશભાઈ મોમાયા, શામજીભાઈ છેડા, રાજેશભાઈ છેડા, બકીમભાઈ તથા મનીષાબેન ધરમશીએ સારી એવી રમઝટ જમાવેલ.

## છત્તીસગઢ ક.દ.ઓ. જૈન જ્ઞાતિ સંઘની આમ સભા - ત્રિવાર્ષિક ચુંટણી

શ્રી છત્તીસગઢ ક.દ.ઓ. જૈન જ્ઞાતિ સંઘની આમ સભા તથા આગામી ત્રિવાર્ષિક ચુનાવ સાથે દિ. ૧૩.૪.૧૪ના રાખવામાં આવેલ. ગત વર્ષની સભાની મિનિટસ બુકનું વાંચન કરવામાં આવેલ. સાથે જ માર્ચ - ૩૦ સુધીના આવક જાવક નું પણ વાંચન કરવામાં

આવેલ અને સર્વ સમ્મતિથી બહાલી આપવામાં આવેલ.

શ્રી ઉત્તમચંદ મૈશેરી, શ્રી ભવાનજીભાઈ શાહ, શ્રી પ્રવિણભાઈ મૈશેરીએ પોતાના ઉદ્‌બોધનમાં કહ્યું કે જ્ઞાતિ સંઘનો ચુનાવ હાલમાં ન કરતાં એક વરસ માટે આ જ ટીમ કાર્યરત રહે (તા. ૩૧.૩.૨૦૧૫સુધી) એની અનુમોદના સમાજે કરેલ.

આગામી જ્ઞાતિ સમ્મેલન ને સફળ બનાવવા માટે એક મુખ્ય સંચાલન સમિતિનું ગઠન કરવામાં આવેલ ૧૫ સદસ્યની ટીમમાં તરૂણ શીવજી લોડાયા, રતીલાલ કેશવજી શાહ, ભવાનજી હીરજી શાહ, ઉત્તમચંદ ખીમજી મૈશેરી, ચંદ્રેશ વીરચંદ છેડા, હરીશ જવેરચંદ લોડાયા, પ્રવિણ માણેકજી મૈશેરી, શશીકાન્ત વેલજી શાહ, કિશોર મેઘજી મોતા, ખીમજી નેણશી મોતા (ભાટાપરા) ભુપેશ ઉમરશી શિયાડ (ધમતરી), યોગેશ પદમશી દંડ (ભિલાઈ), સૌ. મુંજુલાબેન કુલીન જીવાણી (પ્રમુખ - કુંથૂનાથ મહિલા મંડળ) અમિત હિરાચંદ મૈશેરી પ્રમુખ યુવા મંડળ સૌ. ઉષાબેન દિનેશ મોમાયાને બનાવવામાં આવેલ. સમ્મેલન બાબત ચર્ચા કરવામાં આવેલ.

જ્ઞાતિ સભ્ય માતુશ્રી લક્ષ્મીબાઈ માણેકજી મૈશેરીના અવસાન બદલ શ્રદ્ધાંજલિ આપવામાં આવેલ. કાર્યક્રમનું સંચાલન ચંદ્રેશ વીરચંદ છેડા એ કરેલ.

શ્રી છત્તીસગઢમાં રહેતા સમસ્ત ક.દ.ઓ. સમાજના રહેલા પરિવારો દ્વારા તા. ૧૩.૦૪.૧૪ના બપોરના કુંથુનાથ પરિસરમાં શ્રી ભલારાદાદા અને શ્રી ઘણીબાવાની પહેડીનું આયોજન કરવામાં આવેલ. જેમાં રાયપુર સાથે ભિલાઈ, ભાટાપારા, ધમતરીથી પણ ભાવિકો સપરિવાર પધારેલ હતા.

શ્રી ભલારાદાદાની પહેડી ચઢાવાનો લાભ માતુશ્રી પુષ્પાબેન શિવજી લોડાયા પરિવારે રૂા. ૫૫૫૫ માં લીધેલ તથા આરતીનો લાભ માતુશ્રી ગુણવંતીબેન ખીમજી મૈશેરી પરિવારે રૂા. ૨૦૦૦માં લિધેલ.

ભક્તિ ગીતો સંગીત પાર્ટી સાથે કરવામાં આવેલ. બધામાં ખૂબ ઉલ્લાસ હતો. શ્રી ઘણીબાવા માટે ભાવિકો દ્વારા સુંદર પાલખી અને ચાંદીનું છત્ર તૈયાર કરી ભેટ કરવામાં આવેલ છે.

કાર્યક્રમનું સુત્ર સંચાલન ચંદ્રેશ વી છેડા એ કરેલ. સહુનો આભાર માનવાયાં આવેલ. સંયુક્ત પહેડીનું આ પાંચમું વર્ષ હતું.

## શ્રી કચ્છી દશા ઓસવાલ જૈન જ્ઞાતી મહાજન સમિતિની રચના

અમદાવાદની વર્ષ ૨૦૧૪-૨૦૧૭ ૩ વર્ષ માટેની નવી કારોબારી સમિતિની રચના તા. ૬ એપ્રિલ ૨૦૧૪ ના રોજ કરવામાં આવેલ.

પ્રમુખશ્રી : નલીનભાઈ કેશવજી મોમાયા, ઉપ-પ્રમુખ: મહેન્દ્રભાઈ દેવજી ખોના, કિશોરભાઈ મુળજી લાલકા, માનદ મંત્રી : નવીનચંદ્ર જેઠાભાઈ લાલકા, સહ માનદમંત્રી : રાજેશ ખીમચંદ ધરમશી, ખજાનચી : નિરંચજનભાઈ પુનમચંદ મૈશેરી, સહ ખજાનચી : કમલેશબાઈ શામજીભાઈ લોડાયા.

કારોબારી સભ્યોશ્રી : જીતેન્દ્રભાઈ દેવજી ખોના, દિનેશભાઈ લખમશી મૈશેરી, દેવેશ દિલીપભાઈ દંડ, વિશ્વાસ પ્રફુલભાઈ ધરમશી, સંજય શાંતીલાલ છેડા, આશીષ ચંદ્રકાંત લોડાયા, તેજસ હંસરાજ લોડાયા, મનિષ નવિનભાઈ મોતા, શ્રીમતી. ગુણવંતીબેન ગુલાબભાઈ દંડ, શ્રીમતી માલાબેન પ્રફુલભાઈ ધરમશી, શ્રીમતી સુશીલાબેન નિરંજનભાઈ મૈશેરી.

કો. ઓપ્ટ. સભ્ય: લહેરચંદભાઈ પુનશી મૈશેરી, ચંદ્રેશભાઈ વિરેન્દ્રભાઈ લોડાયા.

આમંત્રીત : ચંદ્રકાંતભાઈ દામજી પોલડીયા (કે.ડી.શાહ), લક્ષ્મીચંદ ભાણજી મૈશેરી.

દર વર્ષની જેમ આ વર્ષે પણ શ્રી મહાકાળી માતાજીની ભાવના, શ્રી ભલારા દાદા અને શ્રી ધણીબાવાના પાઠનું આયોજન કરવામાં આવેલ. આ વર્ષના દાતા પરિવારનો લાભ વિરેન્દ્રભાઈ રાઘવજી લોડાયા (બાંઢીયા) પરિવારે લીધેલ.

## બેલ્લારી ગુજરાતી મહિલા સેવા મંડળ

ગયા મહિનાની મિટિંગ સૌ.પ્રજ્ઞા હીરાચંદ મૈશેરીના ઘરે રાખવામાં આવેલ.

ગરમીથી રાહત માટે રાહગીરોને છાશ પીવડાવવા માટે રૂ.૮૦૦૦/- મંડળની બહેનો એ જમા કરી સૌ. નવલબેન સોમચંદ મુનવર પાસે જમા કરાવ્યા.

સૌ.પ્રજ્ઞાબેને મોબાઈલ નં લખીને કાર્ડથી ગેમ રમાડી જેમાં પ્રથમ વિજેતા સૌ. નીતા શરદ મૈશેરી તથા દ્વિતીય વિજેતા સૌ.ચાર્મી નિખિલ મૈશેરી રહયા. હાઉસી ગેમ પણ રમાડવામાં આવી. સૌ.પ્રજ્ઞાબેને સૌને પુરસ્કાર પ્રદાન કર્યા.

## શ્રી. ક.દ.ઓ. જૈન મહારાષ્ટ્ર એકમ મહિલા મંચ ધુલિયા

મહિલા દિન નિમિત્તે મહિલા - મંચની સભા શનિવાર તા. ૮.૩.૧૪ ના રોજ સૌ. પ્રેરણા વરૂણ ભાટેના નિવાસ સ્થાને ઉપ - પ્રમુખ સૌ. શિતલબેન પરેશ ભાટેના પ્રમુખપણા હેઠળ મળેલ.

સૌ. પ્રેરણાબેને સહુનું સ્વાગત કરેલ. બધાએ એકબીજાને મહિલા દિનની શુભેચ્છા આપેલ. સૌ. પ્રેરણાબેને કચ્છના દેરાસરો, ભારતની ઐતિહાસિક ઈમારતો તથા ફિલ્મ ઓળખી એનું કોઈ પણ એક ગીત ગાવાની ગેમ લેપટોપ પર રમાડેલ, 'એ'ગ્રુપ વિજેતા રહેલ. જેમાં સૌ. લીનાબેન મોમાયા સૌ. ભાવનાબેન લોડાયા તથા શ્રીમતી જયાબેન મોમાયા હતા.

વંદનાબેન નર્સરીના ટીચર છે તથા એલ.આય.સી.ના એજન્ટ, સૌ. વંદનાબેને એલ.આય.સી.ની વિવિધ પોલીસી બાબત માહિતી આપી, કરાડથી પધારેલ શ્રીમતી ઉષાબેને મંચવતી બનેનું શ્રીફળથી બહુમાન કરેલ સરપ્રાઈઝ ગેમમાં વિજેતા થયેલ સૌ. વીણાબેન સોનીને સૌ. પ્રેરણાબેન તરફથી ઈનામ આપવામાં આવેલ.

ગુડીપડવા સોમવાર તા. ૩૧.૩.૧૪ના રોજ મહિલા મંચની સભા સૌ. જાગૃતીબેને પંકજ લાલકાના નિવાસ - સ્થાને, ઉપ - પ્રમુખ, સૌ. શિતલ પરેશ ભાટેના પ્રમુખપણા હેઠળ મળેલ. સૌ. જાગૃતિબેને ખમણ ઢોકળા તથા ખારી શીંગની રેસીપી બનાવી, શીખવાડેલ.

સૌ. જાગૃતીબેને સહુને ગેમ રમાડેલ, એક બાઉલમાં ઘઉ ભરી તેમાં પેન્સિલ ઉભી રાખીને ઉપર એક મિનીટમાં સિક્કા એક ઉપર એક મુકી બેલેન્સ કરવા. જેમાં પ્રથમ સૌ. નમ્રતાબેને સોની તથા દ્વિતીય સૌ. ભાવનાબેન ભાટે વિજેતા રહેલ. સરપ્રાઈઝ ગેમમાં સૌ. કુંજનબેન વિજેતા થયેલ. વિજેતાઓને સૌ. જાગૃતીબેન તરફથી ઈનામ આપવામાં આવેલ.

## ગદગમાં આયબિલની ઓળી

શ્રી ક.દ.ઓ. જૈન મહાજન ગદગના નેજા, હેઠળ ચૈત્ર માસની આયંબિલની ઓળી ચૈત્ર સુદ ૭ થી ચૈત્ર સુદ પુનમ તા. ૬.૪.૧૪ થી તા. ૧૪.૪.૧૪ સુધી સ્વ. મધુકાંત અરજણ દંડના સ્મરણાર્થે શ્રી તુષાર મધુકાંત દંડ (મુંબઈ) તરફથી કરાવવામાં આવી હતી. ૧૯ ભાઈ - બહેનોએ આખી ઓળી (૯ આયંબિલ) ની તપસ્યા કરી હતી. કુલ ૨૩૧ આયંબિલની તપસ્યા થઈ હતી. આખી ઓળીની તપસ્યા કરનાર સર્વે તપસ્વીઓને (સ્વ.) ઉષાબેન હરીશ મુનવર તથા શ્રીમતી રશ્મીબહેન પ્રદીપ સાયલા (વાપી) તરફથી ૫૦ - ૫૦ રૂ ની પ્રભાવના કરવામાં આવી હતી. મહાજનશ્રી તરફથી શ્રી તુષારભાઈના માસી શ્રીમતી ખમાબહેન જયચંદ ખોનાનું સન્માન કરવામાં આવ્યું હતું.

મહાજનશ્રી તરફથી પ્રમુખશ્રી નવીનચંદ શામજી લાલકા, ઉપ પ્રમુખ શ્રી હરીશ શિવલાલ મુનવર, સેક્રેટરી શ્રી સતીશ પ્રવીણચંદ લુઠીયા તથા જોઈન્ટ સેક્રેટરી શ્રી સુધીર જવેરચંદ સોનીએ આયંબિલની ઓળીની સંપૂર્ણ વ્યવસ્થા સંભાળનાર શ્રીમતી વિમલા સંજય મોતાનું સન્માન કર્યું હતું. તથા આયંબિલ કાર્યમાં સહયોગ આપનાર શ્રી પ્રદીપ વેરશી સાયલા (વાપી) નો તથા મદદરૂપ થનાર સર્વે ભાઈ - બહેનોનો આભાર માન્યો હતો.

સ્નાત્ર મંડળ તરફથી ચૈત્ર માસની આયંબિલની ઓળીનાં કાયમી મુખ્ય પ્રાયોજક તરીકે (૧૫ વર્ષ માટે) રૂા. ૫૧૦૦૦/- મહાજનશ્રીને ભેટ આપવામાં આવ્યા હતા.

## શ્રી છત્તીસગઢ ક.દ.ઓ. જૈન જ્ઞાતિ યુવા મંડળ

મહાવીર જંયતિના દિવસે ૧૩.૪.૧૪ ના વરઘોડાનું ભવ્ય સ્વાગત કરવામાં આવેલ. પ્રભુ મહાવીર સ્વામીના ફોટો પર માલાર્પણ અને દીપ પ્રાગટય શ્રી તિલકચંદ મોમાયા અને શ્રી જવેરચંદ મૈશેરી એ કરેલ.

વરઘોડો આવતાં એનું ભવ્ય સ્વાગત કરવામાં આવેલ. બધા ભાવિકોને આઈસક્રિમ અને ઠંડા પાણીની વ્યવસ્થા રાખવામાં આવેલ. મોટી સંખ્યામાં સમાજના સદસ્યો તથા યુવા મંડળના સદસ્યો હાજર હતા.

શ્રી સંઘ પ્રમુખ - તરૂણ શીવજી શાહ, યુવા મંડળ પ્રમુખ શ્રી અમિત હિરાચંદ મૈશેરી, કચ્છી જૈન સંઘ પ્રમુખ શ્રી ઉત્તમચંદ ખીમજી મૈશૈરી, શ્રી કુંથુનાથ મહિલા મંડળના પ્રમુખ સૌ. મંજુલાબેન જીવાણી ઉપસ્થિત હતા. આભાર વિધિ યુવા સચિવ નયન છેડાએ કરેલ.

**નવા/બદલાયેલા સરનામા–** (પુરું નામ અને નવું સરનામું મોકલવાની સાથે જુનું રદ કરવાનું સરનામું અવશ્ય જણાવવું)

| | |
|---|---|
| **રતિલાલ ડી. મોમાયા** | એ-૧, રામ નિકેતન (જી.એફ), જે. એલ. તાંબે નગર, એસ. એન રોડ, મુલુંડ (પ), મુંબઈ -૮૦ |
| **ચંદ્રેશ લોડાયા** | એચ - ૪૦૨, ૪ થા માળે, વૃંદાવન વાટીકા, બી. એ.પી.એસ. સ્વામી નારાયણ મંદિર રોડ, અલોક - ૫ ની પાસે, વસ્ત્રલ, અમદાવાદ - ૩૮૨૪૧૮. |
| **વસંત કેશવજી માલદે** | ૭ બી, બિજા માળે, પંચશિલ કો.ઓ.હા.સો.લિ. ૫ રસ્તા કોર્નર, દેવિદયાળ રોડ, મુલુંડ (પ) ૮૦ |

**જીવનચક્ર** (જીવનચક્ર માટેની વિગત છપાય છે તે પદ્ધતિ અનુસાર વ.પ.કુ.નં. સાથે જ મોકલવી)

**જન્મ**

| | | | | |
|---|---|---|---|---|
| ૨૮.૦૧.૧૪ | ભાંડુપ | ધાર્મિક-નંદા/જયેશ મણિલાલ ખોના | મોટીખાવડી | પુત્ર |
| ૨૯.૦૩.૧૪ | ગોરેગાવ | સિદ્ધાર્થ-રક્ષા/ગૌતમ યશેશ મૈશેરી | સાંધાણ | પુત્ર |
| ૨૯.૦૩.૧૪ | ગોરેગાવ | સિદ્ધિ-રક્ષા/ગૌતમ યશેશ મૈશેરી | સાંધાણ | પુત્રી |

**આંતર જ્ઞાતીય સગપણ**

| | | | | |
|---|---|---|---|---|
| ૦૬.૦૪.૧૪ | સાંતાક્રુઝ | કેતન કલ્પના રમેશ દામજી છેડા | ગોંધરા | - |
| | ઘાટકોપર | કેતકી હંસા હિરેન ચંદુલાલ શિયાડ | તેરા | - |
| ૨૨.૦૪.૧૪ | યુ.એસ.એ. (અમેરીકા) | તનય પ્રવિણ શાહ | દેવપુર | ૩૦ |
| | મુલુંડ | રુચી સતિશ ભવાનજી નાગડા | તેરા | ૨૭ |
| ૨૮.૦૪.૧૪ | જમશેદપુર | મિતેશ અશ્વિનભાઈ ધનજીભાઈ વોરા | મોટા વડારા | - |
| | હૈદરાબાદ | હેતા હંસકુમાર રાયચંદ સાયલા | સુથરી | - |
| ૩૧.૦૩.૧૪ | ઘાટકોપર | અમીત દેવરાજ માનશીગ ધીમન | સીમલા | ૨૬ |
| | ડોમ્બીવલી | ભક્તિ જીતેન્દ્ર મેઘજી સાંયા | સુજાપર | ૨૪ |

**મરણ**

| | | | | |
|---|---|---|---|---|
| ૨૮.૦૪.૧૪ | મુલુંડ | ગોવિંદજી જીવરાજ જેઠાભાઈ લાલકા | લાલા | ૮૩ |
| ૩૦.૦૪.૧૪ | ગોવંડી | વિશનજી ભવાનજી ઘેલાભાઈ ખોના | વરાડીયા | ૭૧ |
| ૩૦.૦૪.૧૪ | અમદાવાદ | કસ્તુરીબેન ખીમજી આણંદજી લોડાયા | બાંઢીયા | ૮૬ |

## ગદગ મધ્યે શતાબ્ધિ મહોત્સવની રૂપરેખા તા. ૨.૮. થી તા. ૬.૮.૧૪

૨.૮.૧૪ સવારના ૯ વાગે દીપક સ્થાપના જવારા રોપણ - નવગ્રહ પાટલા પુજન, દશ દિક્‌પાલ પુજન - અષ્ટમંગલ પાટલા પુજન ઈત્યાદી રાતના ૮ વાગે શ્રી મહાકાલી માતાજીની ભક્તિ ભાવના ઈત્યાદી.

૩.૮.૧૪. સવારના ૮.૩૦ વાગે ૧૦૮ પાર્શ્વનાથ પુજન તે દરમિયાન શતાબ્દિ ધ્વજાનો મહામુલો છેલ્લો આદેશ રાતના ભક્તિ - ભાવના સંગીતકારો દ્વારા.

૪.૮.૧૪ ૯ વાગે હાથી ઘોડા - સાથેના ચૈત્ય પરીપાર્ટીનો વર - ઘોડો બપોરના ૧ વાગે અઢાર અભિષેક સાંજના ભક્તિ ભાવના તથા સંગીત કાર્યક્રમ.

૫.૮.૧૪ : સવારના નુતન ધ્વજા દંડની પ્રતિષ્ઠા સાથે સત્તરભેદી પુજા : બપોરના ૧૨ વાગે બહુમાન સમારંભ, સાંજના ૭ વાગે કુમારપાલ રાજાની મહાઆરતી.

૬.૮.૧૪ સવારના વહેલા મુહુર્ત દ્વારોદ્ઘાટન ૮.૩૦ વાગે બ્રહદ શાંતિ સ્નાત્ર પુજન (૧૦૮) મંદિરના પરિસરમાં ધારાવલી. તા. ૬ના રોજ રાતના ભક્તિ ભાવના રોજ સવારના નવકારશી બપોરના જમણ બપોરની ચાય તથા સાંજના ચોવિહારની વ્યવસ્થા રહેશે.

રહેવાની સગવડ ઈચ્છતા ભાઈ - બહેનોને અગાઉથી જાણ કરવા વિનંતી આ પંચાનહિકા મહોત્સવના કાર્યક્રમમાં હાજર રહેવા તથા ભાગ લેવા દરેકને ભાવભર્યું આમંત્રણ છે.


અસલ કલા-કસબનો સમન્વય
જ્યોતિ સિલ્ક સાડી એમ્પોરીયમ
Sachi Jari maate real nam
સાડીઓ • ચણીયાચોળી • ઘરચોળા • બોર્ડરો
પાનેતર • બાંધણીઓ મનભાવન ડીઝાઈનો,
શ્રેષ્ઠ ક્વાલીટી અને વ્યાજબી ભાવ...
૧૩૪/૩૬, બીજે માળે, ઝવેરીબજાર, ખારાકુવા સામે,
મુંબઈ- ૦૨. Tel. : 22413995 / 22402786

**C. D. O. Prakash Samiksha R.N.I. No.MAHGUJ/1998/04640**
Postal Regd. No.MH/MR/East/53/2012-14 | day of publication every Friday
Posting : Monday / Tuesday Posted at Mumbai Patrika Channel Sorting Office, Mumbai-400 001.

# તરુણ સંતાન પ્રશ્નો તો કરશેજ...

બાર વર્ષનો કુશ પસીનમાં તરબતોળ થઈ રમીને આવે છે, આવતાવેંત જ તે મમ્મીની સાથે વાતો કરવાની ચાલુ કરી દે છે, કેટલું રમ્યો? કેટલી મજા આવી વગેરે વગેરે, પાછી અચાનક થોડુંક વિચારીને બોલે છે. મમ્મી છોકરા જોઈએ તો શું લગ્ન કરવા પડે? કુશના મમ્મી ડધાઈ જાય છે. મારો નાનકડો દીકરો આટલો બધો મોટો થઈ ગયો?! આવા પ્રશ્નો પૂછવા લાગ્યો?! તે મૂંઝવણ અનુભવવા લાગે છે. શું જવાબ આપવો તે કંઈ સૂઝતું નથી.

માવિત્રો, આજના જમાનામાં બાર - તેર વર્ષનાં સંતાનો પણ સારી એવી જાણકારી ધરાવતાં હોય છે અને આવા અણધાર્યો પ્રશ્નો તો હવે સામાન્ય બનતા જાય છે. આજના યુગમાં બાળકોને સિનેમા અને કોમ્પ્યુટર કે મોબાઈલપર મળતી હાથવગી માહિતીને કારણે, માવિત્રોને ડગલે ને પગલે આવી મૂંઝવણ ભરી પરિસ્થિતિનો સામનો કરવો પડે છે. તો આવી પરિસ્થિતિમાં કરવું શું?



આવા સમયે મોટો ભાગના માવિત્રો સંભવિત ત્રણ પ્રકારની પ્રતિક્રિયા આપતા હોય છે. પ્રથમ તરત જ પૂછે છે? તને કોણે કહ્યું અથવા કોની સંગતમાં આવું બધું શીખ્યો છે? મિત્રો કેવા છે, વગેરે, બીજું તેને વઢીને, ગુસ્સો કરીને ચૂપ કરવી દેછે અને ત્રીજું ના પાડીદે છે અથવા તો વાતને ટાળે છે.

માવિત્રો આ ત્રણેય સંભાવનાઓમાં બાળકનો પ્રશ્ન સંતોષાતો નથી. એટલે તે બીજા રસ્તાઓ શોધે છે, પોતાની કુતૂહલતાને સંતોષવા જે આગળ જતા ભયંકર બની શકે છે. અહીં, આવી પ્રતિક્રિયાઓ આપવાને બદલે બાળકની કુતુહલતા સંતોષવાનો પ્રયત્ન કરો. બાળકના મગજમાં આવા પ્રશ્નો આવે છે તો જરૂર કોઈ કારણ હોઈ શકે તેની કડી ક્યાં સુધી છે. તે જાણવાનો પ્રયત્ન કરો. કદાચ આપણે વિચારતા હોઈએ તેટલી જાણકારી બાળકને ન પણ હોય અને માત્ર કુતુહલતાથી આવો પ્રશ્ન પૂછી લીધો હોય, તેને સમજો અને સમજાવો.

બેટા! મારા પ્રશ્નનો જવાબ તો ઘણા હોઈ શકે છે. તને ક્યા સંદર્ભમાં આનો જવાબ જોઈએ છે. જેમ કે છોકરા જોઈતા હોય તો લોકો દત્તક પણ લે છે. આવી રીતે કહી બાળકના મગજમાં શું ચાલી રહ્યું છે? અને ક્યાંથી મળી છે? તે શાંત સ્વરે જાણવાનો પ્રયત્ન કરો.

બાળકને જવાબ ન આપવાથી, ગુસ્સો કરવાથી કે ખોટો જવાબ આપવાથી તમારી મૂંઝવણ ખતમ નહીં થઈ જાય, પરંતુ આગળ જતા હજી વધી શકે છે, તમારા ઉપરથી બાળકનો વિશ્વાસ ઊઠી શકે છે.

તમારું બાળક મોટું થઈ રહ્યું છે, તેની વિચારધારા એક યુવાન વ્યક્તિનીસ્મ વિસ્તર રહી છે. તેને સમજો અને બાળકના મિત્ર બનવાનો પ્રયત્ન કરો. નાનપણમાં માતા - પિતા જ બાળકને પ્રશ્નો પૂછવા પ્રેરે, છે, કારણકે જો કુતુહલ હશે તો જ નવું - નવું જાણવાની ઈચ્છા થશે, પરંતુ જ્યારે મોટો થઈને તે જ બાળક કુતૂહલ દ્રષ્ટિ ધરાવે છે. અને આવા અણધાર્યા પ્રશ્નો પૂછે છે ત્યારે તેને ટાળવા કે ખોટા જવાબ આપવા કેટલું વાજબી છે?

આવા પ્રશ્નોથી અને આ વિષય વિશે જ્યારે બાળક વાત કરે ત્યારે તેની ઉંમર જોઈને આઘાત તો લાગે તે સ્વાભાવિક છે. થોડોક ડર પણ લાગે છે કે મારું સંતાન કઈ દિશામાં જઈ રહ્યું છે, પરંતુ જ્યારે તમે બાળકને જવાબ આપો ત્યારે તમારો ડર કે ચિંતા તમારા મોઢા પર પ્રકટ ન થવા જોઈએ. પૂરા આત્મવિશ્વાસ અને સ્થિરતાથી બાળકના આવા પ્રશ્નોનું સમાધાન કરવું જોઈએ. પરંતુ હા! અંદરથી ૧૦૦ ટક્કા સચેત થઈ જાવ અને તમારા મોટા થઈ રહેલા બાળકને અમુક બાબતોની સમજણ જરૂરથી આપો. આથી કરીન તેને કોઈ ગેરસમજ ન થાય અને અવળા માર્ગે ન ફંટાય તેનું ધ્યાન રાખી શકશો.

– હેમાલી ગડા, જન્મભુમિ માંથી સાભાર

If undelivered, please return to :
**C.D.O. PRAKASH SAMIKSHA,** C/o. Shri. R.R. Nagda, 29/41 Tamarind Lane, Rajabahadur Compound, Near Stock Exchange Bldg., Fort, Mumbai - 400 001. Printed & Published by **JAYANT V. CHHEDA** on behalf of **C.D.O. PRAKASH SAMIKSHA SAMITI (Owner)** and Printed at SUMANGAL ARTECH, Plot No.G-8, Cross Road, 'A' M.I.D.C. Andheri (East), Mumbai - 400 093 and Published from 115, Tirupati Industrial Estate, Subhash Nagar, Village Road, Bhandup (West), Mumbai-400 078. Editor : **Raichand R. Nagda**

To,